RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 99* Date: 29.01.2023, Sunday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## રાજસ્થાન અને એમપીમું ૨ મોટી દુર્ઘટના : સુખોઈ ૩૦ અને મિરાજ ૨૦૦૦ સહિત ૩ વિમાનો ક્રેશ



નવીદિલ્હી,તા.૨૮

રાજસ્થાનના ભરતપુરમાં મોટો અકસ્માત સર્જાયો છે. અહીં વાયુસેનાનું વિમાન ક્રેશ થયું છે. પિંગોરા રેલવે સ્ટેશન પાસે દુર્ઘટના સર્જાઇ છે. વિમાન ક્રેશ થતાં જ ચારેય તરફ કાટમાળ એકઠો થઇ ગયો છે. આ સમગ્ર રહેણાંક વિસ્તાર છે. પિંગા રેલવે સ્ટેશન પાસે ઉચ્ચૈન પોલીસ મથકના ગામ ચક નગલા બીજા પાસે સેનાનું વિમાન ક્રેશ થવાની સૂચના મળી રહી છે.

રાજસ્થાનના ભરતપુરમાં ભારતીય સેનાનું એક ફાઈટર જેટ ક્રેશ થયું છે. ફાઈટર જેટ શનિવારે સવારે ભરતપુરના સેવર પોલીસ સ્ટેશન વિસ્તારના નાગલા વિઝામાં ક્રેશ થયું હોવાનું કહેવાય છે. દુર્ઘટનાની માહિતી મળતા જ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. પ્લેન ક્રેશ થતાની સાથે જ ચારે બાજુ કાટમાળ પથરાઇ ગયો હતો આ સમગ્ર વિસ્તાર રહેણાંક છે. પિંગોરા રેલ્વે સ્ટેશન નજીક ઉચૈન પોલીસ સ્ટેશન વિસ્તારના ગામ ચક નાગલા બીજ પાસે આર્મી પ્લેન ક્રેશ થયું છે જ્યાં સેનાનું આ વિમાન ગ્રામીણ વિસ્તારમાં ક્રેશ થયું છે. પ્લેનમાં પહેલા આગ લાગી, પછી પ્લેન ક્રેશ થયું. પ્લેન ક્રેશ થતાની સાથે જ ઘટના સ્થળની આસપાસ લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. પ્લેન ક્રેશ થયા બાદ લોકોએ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી છે.એક પાયલોટનું મોત થયું છે

મધ્યપ્રદેશના મુરેનામાં શનિવારે સવારે એક મોટો અકસ્માત થયો હતો. જેમાં વાયુસેનાના બે ફાઈટર જેટ સુખોઈ-૩૦ અને મિરાજ ૨૦૦૦ ક્રેશ થયા હતા. માહિતી મળતાની સાથે જ રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને વિમાનોએ મધ્યપ્રદેશના ગ્વાલિયર એરબેઝથી ઉડાન ભરી હતી, જ્યાં ટ્રેનિંગ ચાલી રહી હતી. મળતી માહિતી મુજબ ટકરાયા બાદ બંને પ્લેન બે અલગ-અલગ જગ્યાઓ પર પડ્યા હોવાની આશંકા છે. એક પ્લેન મધ્યપ્રદેશના મુરૈનાના પહાડગઢમાં અને બીજું રાજસ્થાનના ભરતપુરમાં તુટી પડ્યું હોવાની વાત જણાઈ રહી છે. મળતી માહિતી મુજબ, મુરૈનામાં સુખોઈ અને ભરતપુરમાં મિરાજ તુટી પડ્યું હોવાની વાત કહેવામાં આવી રહી છે. દુર્ઘટનામાં ક્રેશ થયેલા બંને ફાઈટર જેટે ગ્વાલિયરના એરબેઝથી ઉડાન ભરી હતી. સુખોઈ-૨૦ અને મિરાજ ૨૦૦૦ એરક્રાફ્ટ ક્રેશ થતાં દુર્ઘટના સર્જાઈ છે. ડિફેન્સનાં સૂત્રોના જણાવ્યા મુજબ, મધ્યપ્રદેશના મુરેનામાં ફાઈટર પ્લેન ક્રેશ થયાં હતાં. એરફોર્સનું સુખોઈ-૩૦ સ્હૈં અને એક મિરાજ-૨૦૦૦ ક્રેશ થયું છે. બંને એરક્રાફ્ટે ગ્વાલિયર એરબેઝથી ઉડાન ભરી હતી. એરફોર્સના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે.

મુરૈનાના કલેક્ટરે જણાવ્યું છે કે ત્રણમાંથી બે પાયલટને બચાવી લેવામાં આવ્યા છે. દુર્ઘટનાની જે તસવીરો સામે આવી રહી છે, તેમાં કેટલીક એવી તસવીરો પણ છે જેથી કેટલાકના મોતની આશંકા પણ સેવાઈ રહી છે.રાજસ્થાનના ભરતપુરના ડીએસપી અજય શર્માએ જણાવ્યું હતું કે અમને સવારે ૧૦ થી સવા દસ વાગે પ્લેન ક્રેશ થયાની માહિતી મળી હતી. જ્યારે અને ઘટનાસ્થળે પહોંચ્યા તો જાણવા મળ્યું કે તે એરફોર્સનું ફાઈટર જેટ છે. જો કે કાટમાળને જોતા જાણી શકાયું નહીં કે તે કયું ફાઈટર પ્લેન છે. હજી સુધી તેના પાયલટ બાબતની પણ કોઈ જાણકારી મળી શકી નથી.

સૂત્રોએ જણાવ્યું કે વાયુસેના પ્રમુખે રક્ષા મંત્રી રાજનાથ સિંહને દુર્ઘટનાની જાણકારી આપી છે. તેમણે બંને ફાઈટર જેટના પાઈલટ વિશે પૂછ્યું છે. તેમજ સમગ્ર ઘટના પર ચાંપતી નજર રાખી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે સુખોઈ-૩૦માં બે પાયલટ અને મિરાજ ૨૦૦૦ એરક્રાફ્ટમાં એક પાયલટ હતો. મુરૈના પાસેથી બે પાયલટ મળી આવ્યા છે. જેમને ગ્વાલિયરની એમએચ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. જ્યારે ત્રીજા પાયલટની તપાસ માટે વાયુસેનાનું એક હેલિકોપ્ટરને મોકલવામાં આવ્યું છે.શનિવારે સવારે એરફોર્સનું ફાઈટર જેટ ક્રેશ થયું હતું. પ્લેનના ટુકડેટુકડા થઈ ગયા હતા. લોકોએ જણાવ્યું હતું કે ફાઈટર પ્લેનમાં આકાશમાં જ આગ લાગી હતી. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ અને સેનાના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળે ગ્રામજનોનાં ટોળાં ઊમટી પડ્યાં હતાં.આ બંને વિમાનોએ ગ્વાલિયર એરબેઝ પરથી ઉડાન ભરી હતી. પરંતુ કોઈ કારણસર બંને વિમાનો એકબીજા સાથે અથડાઈ ગયા. માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ અને બચાવ ટુકડીએ સેના સાથે મળીને શોધ અને બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. હજુ સુધી અકસ્માતના કારણ વિશે ચોક્કસ માહિતી મળી શકી નથી.મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પ્લેન દુર્ઘટના બાબતે ટ્વીટ કર્યું હતું. તેમણે લખ્યું, મુરૈનાના કોલારસ નજીક એરફોર્સનું સુખોઈ-૩૦ અને મિરાજ-૨૦૦૦ દુર્ઘટનાગ્રસ્ત થયાના ખુબજ દુઃખદ સમાચાર છે. મેં સ્થાનિક તંત્રને તરત જ બચાવ અને રાહતકાર્યમાં વાયુસેનાને મદદ કરવાના નિર્દેશ આપ્યા છે. પ્લેનના પાયલટ સલામત રહે તે માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું.

### ૮૦ હજારથી વધુ લોકોને ચૂનો ચોપડ્યો

## ૨૦૦ કરોડથી વધુની ઠગાઈ, ચીન અને દુબઈથી જોડાયેલી ગેંગનો પર્દાફાશ

### પોલીસના જણાવ્યા અનુસાર ગેંગ લીડર વિકાસ મલ્હોત્રા હાલમાં ફરાર છે, જેનું લોકેશન હાલમાં જ્યોર્જિયામાં છે.

નવૂદિલ્હી,તા.૨૮

દિલ્લી પોલીસે એમેઝોનમાં પાર્ટ ટાઈમ 'વર્ક ફ્રોમ હોમ જોબ્સ' આપવાના નામે છેતરપિંડી કરનાર એક ચીની મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે, જેણે અત્યાર સુધીમાં ૩૦,૦૦૦થી વધુ લોકોને છેતર્યા છે. આ સાથે તેણે ૨૦૦ કરોડથી વધુની છેતરપિંડી પણ કરી છે. પોલીસે આ ગેંગના ૩ સભ્યોની દિલ્લી, ગુરુગ્રામ અને હરિયાણાના ફતેહાબાદમાંથી ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓના નામ સતીશ યાદવ, અભિષેક ગર્ગ અને સંદીપ છે. અભિષેક પેટીએમમાં ડેપ્યુટી મેનેજરની પોસ્ટ પર કામ કરતો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર ગેંગ લીડર વિકાસ મલ્હોત્રા હાલમાં ફરાર છે, જેનું લોકેશન હાલમાં જ્યોર્જિયામાં છે. દિલ્લી પોલીસના જણાવ્યા અનુસાર, આ ટોળકી નકલી વેબસાઈટ બનાવીને અલગ-અલગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ યુટ્યુબ, વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ દ્વારા તેમનો પ્રચાર કરતી હતી.

આ દરમિયાન ઠગ ઓનલાઈન પાર્ટ ટાઈમ જોબ અપાવવાના નામે ખાતામાં પૈસા જમા કરાવતા હતા. જ્યારે દિલ્લી પોલીસને ફરિયાદ મળી તો તેણે સમય ગુમાવ્યા વિના તપાસ શરૂ કરી. તપાસમાં સામે આવ્યું છે કે ફરિયાદી પાસેથી ૧ લાખ ૧૮ હજાર રૂપિયાની છેતરપિંડી નકલી કંપનીના કોટક મહિન્દ્રા બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી, જે બાદમાં ૭ અલગ-અલગ કંપનીઓમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

જ્યારે પોલીસે તે બેંક ખાતાની તપાસ કરી તો તે દિવસે ૩૦,૦૦૦ લોકો સાથે લગભગ ૫ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. ડીએસપી દેવેશ માહેલાના જણાવ્યા અનુસાર, છેતરપિંડી કરાયેલા નાણાં ક્રિપ્ટોકરન્સી, રેઝરપે અને અન્ય એપ દ્વારા ચીન અને દુબઈ મોકલવામાં આવી રહ્યા હતા. તપાસમાં પોલીસને નકલી વેબસાઈટનું સર્વર ચીનના બેઈજિંગમાં હોવાની માહિતી પણ મળી હતી. પોલીસ હવે જ્યોર્જિયામાં બેઠેલી આ ગેંગના લીડર વિકાસ મલ્હોત્રા સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે, જેથી આ સાંઠગાંઠ તોડી શકાય.

## અદાણીએ ૨.૩૦ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા, અમીરોની યાદીમાં ૭મા ક્રમે સરક્યા

મુંબઈ,તા.૨૮

એક રિપોર્ટથી ગૌતમ અદાણીની કંપનીઓ, બેંકોના શેર, એલઆઈસીના સ્ટેટસને નુકસાન તો થયું જ છે, પરંતુ તેમની પોતાની સંપત્તિમાં પણ ઘણો ઘટાડો થયો છે. જો કે, છેલ્લા સપ્તાહમાં કંપનીના શેરમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જેની અસર તેની સંપત્તિ પર જોવા મળી હતી. હકીકતમાં, ગયા સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે, તેમની કુલ સંપત્તિ ઈ૧૨૧ બિલિયન હતી, જેમાં ઈ૨૮.૩ બિલિયનનો ઘટાડો જોવા મળ્યો છે. હાલમાં ગૌતમ અદાણીની કુલ સંપત્તિ ૧૦૦ અબજ ડૉલરની નીચે ૭ મહિનાની સૌથી નીચી સપાટીએ આવી ગઈ છે. જેના કારણે તે વિશ્વના ત્રીજા સૌથી અમીર અબજોપતિમાંથી અબજપતિઓની યાદીમાં ૭મા સ્થાને પહોંચી ગયો છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, છેલ્લા પાંચ દિવસમાં ગૌતમ અદાણીએ કુલ રૂ. ૨.૩૦ લાખ કરોડનું નુકસાન કર્યું છે. આંકડાઓ અનુસાર, ગયા સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે ગૌતમ અદાણીની કુલ સંપત્તિ ઈ૧૨૧ બિલિયન હતી, જે હાલમાં ઘટીને ઈ૯૨.૭ બિલિયન થઈ ગઈ છે. મતલબ કે આ સમયગાળા દરમિયાન તેમની સંપત્તિમાં ૨૮.૩ અબજ ડોલર એટલે કે ૨.૩૦ લાખ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે.ગૌતમ અદાણીની કુલ સંપત્તિ હાલમાં ૭ મહિનાની સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. ૨૩ જૂન ૨૦૨૨ના રોજ ગૌતમ અદાણીની કુલ સંપત્તિ ઈ૯૨.૭ બિલિયન હતી. બીજી તરફ, ગૌતમ અદાણીની કુલ સંપત્તિ લગભગ ૭ મહિના પછી જ ઘટીને ૧૦ અબજ ડોલરની નીચે આવી ગઈ છે. અગાઉ ૫ જુલાઈના રોજ ગૌતમ અદાણીની નેટવર્થ છેલ્લે ૫ જુલાઈના રોજ ઈ૧૦૦ બિલિયનની નીચે જોવામાં આવી હતી, જે હવે છે. શુક્રવારે કંપનીના શેરમાં થયેલા ઘટાડાને કારણે ગૌતમ અદાણીની નેટવર્થમાંથી લગભગ ઈ૨૧ બિલિયન ક્લિયર કરવામાં આવ્યા હતા.ગૌતમ અદાણીની કુલ સંપત્તિમાં નોંધપાત્ર ઘટાડા પછી, તે વિશ્વના અબજોપતિઓની યાદીમાં ઘણો નીચે આવી ગયો છે. થોડા દિવસો પહેલા તે વિશ્વમાં ત્રીજા સ્થાને હાજર હતા, જે હવે વિશ્વમાં ૭મા સ્થાને આવી ગયા છે. હાલમાં, ફ્રેન્ચ બિલિયોનેર બર્નાર્ડ આર્નોલ્ટ છે, જેની કુલ સંપત્તિ ઈ૧૯૦ બિલિયન છે.

### સંસ્કૃત દેશની સત્તાવાર ભાષા કેમ ન બની શકે : પૂર્વ સીજેઆઈ બોબડે

નવીદિલ્હી,તા.૨૮

ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ શરદ બોબડેએ અદાલતો સહિત દેશની સત્તાવાર ભાષા તરીકે સંસ્કૃતની હિમાયત કરી છે. આ દરમિયાન તેમણે ૧૯૪૯ના કેટલાક મીડિયા અહેવાલોનો પણ હવાલો આપ્યો હતો. તેમણે શુક્રવારે કહ્યું હતું કે ૧૯૪૯ના મીડિયા અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે બંધારણના ઘડવૈયા અને જાણીતા ન્યાયશાસ્ત્રી બીઆર આંબેડકરે પણ તેનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે સંસ્કૃત ભારતી દ્વારા આયોજિત અખિલ ભારતીય વિદ્યાર્થી સંમેલન દરમિયાન પોતાના સંબોધનમાં આ વાત કહી હતી.

પૂર્વ સીજેઆઈએ કહ્યું કે, કાયદા પ્રમાણે હિન્દી અને અંગ્રેજીનો ઉપયોગ શાસન અને અદાલતોમાં સત્તાવાર ભાષાઓ તરીકે થાય છે. તેમણે વધુમાં કહ્યું કે દરેક મુખ્ય ન્યાયાધીશને સંબંધિત પ્રાદેશિક ભાષાઓ રજૂ કરવાનો અનુરોધ પ્રાપ્ત છે. જે હવે જિલ્લા સ્તરીય ન્યાયતંત્ર અને કેટલીક ઉચ્ચ અદાલતોમાં વાસ્તવિકતા છે. તેમણે કહ્યું કે, હાઈકોર્ટના સ્તર પર સત્તાવાર ભાષા અંગ્રેજી છે. જોકે, અનેક હાઈકોર્ટને ક્ષેત્રીય ભાષાઓમાં આવેદનો, અરજીઓ અને દસ્તાવેજો સુધીની મંજૂરી આપવી પડી છે. પૂર્વ સીજેઆઈએ કહ્યું કે, મને નથી લાગતુ કે, આ મુદ્દો વણઉકેલાયેલ રહેવો જોઈએ. આ સમસ્યા ૧૯૪૯થી વણઉકેલાયેલી રહી છે.

પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે, ૧૧ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજના સમાચાર પત્રો પ્રમાણે ડો. આંબેડકરે સંસ્કૃતને ભારતની સત્તાવાર ભાષા બનાવવા માટે પ્રસ્તાવ આગળ વધાર્યો હતો. સંસ્કૃતની શબ્દાવલી અમારી ઘણી ભાષાઓ માટે સામાન્ય છે. હું પોતાની જાતને સવાલ કરું છું કે, ડો. આંબેડકરના પ્રસ્તાવ બાદ પણ સંસ્કૃતને સત્તાવાર ભાષા કેમ ન બનાવી શકાય. પૂર્વ સીજેઆઈએ વધુમાં કહ્યું કે, સંસ્કૃતની રજૂઆતનો અર્થ કોઈ ધર્મનો પરિચય ન થાય.

## પુલવામાના ચુરસુથી ભારત જોડો યાત્રા શરૂ:મહેબૂબા મુફતી પણ યાત્રામાં જોડાયાં

શ્રીનગર,તા.૨૮

કોંગ્રેસની ભારત જોડો યાત્રા આજે સવારે પુલવામા જિલ્લામાં અવંતીપોરાના ચુરસુથી શરુ થઈ હતી. યાત્રામાં પીડીપીના સુપ્રીમો મહેબૂબા મુફ્તી હજારો મહિલાઓની સાથે જોડાયા છે. પ્રિયંકા ગાંધી પણ યાત્રામાં સામેલ થાય તેવી આશા છે. શુક્રવારે સુરક્ષામાં ચૂકને કારણે રાહુલ ગાંધીએ યાત્રાને રોકી દીધી હતી. કોંગ્રેસે સુરક્ષામાં ચૂક માટે ભાજપને જવાબદાર ગણાવ્યું છે.શનિવારે પંપોરની બિડલા ઈન્ટરનેશનલ સ્કૂલ નજીક યાત્રાનો ટી-બ્રેક થયો હતો. શ્રીનગરના બહારનો વિસ્તાર પંઠા ચોકના ટ્રક યાર્ડમાં શનિવારે રાત્રે રોકાણ કરશે. ૨૯ જાન્યુઆરીએ પંઠા ચોકથી યાત્રા બોલેવર્ડ રોડ ખાતે નહેરુ પાર્ક સુધી જશે.

શુક્રવારે જમ્મુ-કાશ્મીરના કાજીગુંડમાં એન્ટ્રીના માત્ર એક કિલોમીટર બાદ જ રાહુલ ગાંધીની સુરક્ષામાં ચૂક સામે આવી હતી. અહીં રાહુલનાં સુરક્ષા ઘેરાવમાં કેટલાક લોકો ઘુસી ગયા હતા. ત્યાર બાદ પોલીસ રાહુલગાંધી અને ઓમર અબ્દુલ્લાને ગાડીમાં બેસાડીને અનંતનાગ લઈ ગઈ હતી. અનંતનાગમાં રાહુલે પ્રેસ-કોન્ફરન્સમાં કહ્યું હતુ- યાત્રા દરમિયાન પાલીસની સુરક્ષા ધ્વસ્ત થઈ ગઈ. ટનલથી યાત્રા નીકળ્યા બાદ પોલીસકર્મી દેખાયા નહોતા. રાહુલે વધુમાં કહ્યું કે, મારા સુરક્ષાકર્મીઓએ જણાવ્યું કે વધુ આગળ જઈ શકાશે નહીં. જેથી મારે મારી યાત્રા રોકવી પડી હતી.

રાહુલ ગાંધીઃ ભીડને કાબૂ કરવાની તંત્રની જવાબદારી છે, જેથી અમે યાત્રા કરી શકીએ. મારી સુરક્ષા કરી રહેલા લોકોની સલાહને ન માનવી તે મારા માટે મુશ્કેલ હતું. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે કહ્યું હતું કગે રાહુલ ગાંધીની સુરક્ષામાં ચૂક થવી તે પરેશાની કરનારું છે. ભારત પહેલા જ બે પીએમ અને કેટલાક નેતાઓને ગુમાવી ચુક્યું છે. અમે યાત્રીઓ માટે સઘન સુરક્ષાની માંગ કરીએ છીએ.

જમ્મુ-કાશ્મીરના અધિક મુખ્ય ગૃહસચિવ આરકે ગોયલઃ સરકાર સુરક્ષા મામલે ગંભીર છે. ભારત જોડો યાત્રા માટે તમામ પ્રકારની શક્ય સુરક્ષા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

રાહુલ ગાંધીની સુરક્ષામાં છયેલી ચૂક બાબતે કોંગ્રેસ નેતા કેસી વેણુગોપાલે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા પર નિશાન સાધ્યું હતુ. વેણુગોપાલે સુરક્ષામાં ચૂક બાબતે પોલીસ અધિકારીઓ અને ઝઈંહ્નના જવાનોને જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે કહ્યું હતુ કે છેલ્લી ૧૫ મિનિટ સુધી યાત્રામાં એકપણ સુરક્ષા અધિકારી નહોતો. આ ગંભીર ચૂક છે. રાહુલ અને અન્ય કાર્યકરો સુરક્ષા વીના યાત્રામાં આગળ વધી શકે તેમ નહોતા.ભારત જોડો યાત્રા ૭ સપ્ટમ્બરે કન્યાકુમારીથી શરું થઈ હતી. તેણે ગુરુવારે પંજાબથી જમ્મુ-કાશ્મીરમાં એન્ટ્રી કરી હતી. ૩૦ જાન્યુઆરીએ રાહુલ ગાંધી કોંગ્રેસ હેડક્વાર્ટર ખાતે તિરંગો ફરકાવશે. આ સાથે જ યાત્રા સમાપ્ત થશે.

## સ્કૂટી ચાલકને ૩૫૦મીટર સુધી ઢસડ્યોઃદિલ્હીમાં કારની વિન્ડશિલ્ડ અને બોનેટની વચ્ચે ફસાયું વ્યક્તિનું માથું, ઘટનાસ્થળે જ મોત

નવીદિલ્હી,તા.૨૮

દિલ્હીમાં હિટ એન્ડ રનનો મામલો સામે આવ્યો છે. ગુરુવાર-શુક્રવારની રાતે એક કારે સ્કૂટીને પહેલાં ટક્કર મારી. આ દુર્ઘટનામાં સ્કૂટી સવાર ૨ લોકોમાંથી એક રસ્તા ઉપર પડી ગયો. ત્યાં જ, બીજા વ્યક્તિનું માથું કારની વિન્ડશિલ્ડ અને બોનેટની વચ્ચે ફસાઈ ગયું. ત્યાર બાદ કાર સવાર તે વ્યક્તિને લઈને ૩૫૦ મીટર સુધી ઢસડતો રહ્યો. જેના કારણે વ્યક્તિનું મૃત્યુ થયું. પોલીસે આ મામલે ૫ લોકોની ધરપકડ કરી છે.

ઉત્તર પશ્ચિમના ડીસીપી ઉષા રંગનાનીએ જણાવ્યું કે દિલ્હીમાં કેશવ પુરમ વિસ્તારમાં રાતે લગભગ ૩ વાગે એક કારે સ્કૂટીને ટક્કર મારી. તેનાથી સ્કૂટી ઉપર સવાર બે લોકોમાંથી પાછળ બેઠેલી વ્યક્તિ કારની બોનેટ સાથે અથડાઈને રસ્તા ઉપર પડી. ત્યાં જ, સ્કૂટી ચલાવનારનું માથું કારની વિન્ડશિલ્ડ અને બોનેટની વચ્ચે ફસાઈ ગયું અને સ્કૂટી કારના બમ્પરમાં ફસાઈ ગઈ. દુર્ઘટનામાં કાર સવાર સ્કૂટી અને કારમાં ફસાયેલી વ્યક્તિને ૩૫૦ મીટર સુધી ઢસડતો રહ્યો.

આ દુર્ઘટનામાં કારની વિન્ડશિલ્ડ અને બોનેટ વચ્ચે ફસાયેલી વ્યક્તિનું મૃત્યુ થઈ ગયું છે. તેની ઓળખ કૈલાશ ભટનાગર તરીકે થઈ છે. ત્યાં જ, સ્કૂટીમાં સવાર અન્ય વ્યક્તિની હાલત પણ ગંભીર છે. આ દુર્ઘટનાના સીસીટીવી ફુટેજ પણ સામે આવ્યાં છે, જેમાં જોવા મળી રહ્યું છે કે પહેલાં કાર સ્કૂટીને ટક્કર મારે છે, પછી સ્કૂટી અને એક વ્યક્તિને ૩૫૦ મીટર સુધી ઢસડીને લઈ જાય છે.

પોલીસે જણાવ્યું કે તે વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી પીસીઆરવેને જ્યારે કારને જોઈ ત્યારે તેનો પીછો કર્યો. પીસીઆરએ થોડી જ સેકેન્ડમાં આરોપીઓની કારને અટકાવી. કારમાં સવાર તે ૫ આરોપીઓએ ભાગવાની કોશિશ પણ કરી, પરંતુ પોલીસે આરોપી પ્રવીણ અને દિવ્યાંશની ધરપકડ કરી લીધી હતી. જ્યારે અન્ય ૩ લોકો ભાગવામાં સફળ રહ્યાં. તે પછી પોલીસે અન્ય ત્રણ આરોપીઓ હર્ષ મુદગલ, ઓમ ભારદ્વાજ અને દેવાંશની પણ ધરપકડ કરી લીધી. આરોપીઓ વિરૂદ્ધ પોલીસે ઈરાદાપૂર્વક હત્યાનો મામલો નોંધ્યો છે.

૩૧ ડિસેમ્બર-૧ જાન્યુઆરીની રાતે કંઝાવલામાં કાર સવાર ૫ યુવકોએ ૨૦ વર્ષની અંજલિને ટક્કર મારી દીધી હતી. યુવતી કારની નીચે ફસાઈ ગઈ અને લગભગ ૧૨ કિલોમીટર સુધી રસ્તા ઉપર ઢસડાતી રહી. પોલીસના જણાવ્યા પ્રમાણે, તેનું આ દુર્ઘટનામાં જ મૃત્યુ થઈ ગયું. દિલ્હી કંઝાવલામાં થયેલી આ ઘટનામાં ગૃહ મંત્રી અમિત શાહે દિલ્હી પોલીસ પાસે રિપોર્ટ માગ્યો છે. આરોપીઓના બ્લડ સેમ્પલ તપાસ માટે મોકલી દીધા છે, જેનાથી જાણવા મળી શકે છે કે તેમણે નશો કર્યો હતો કે નહીં.

## તંત્રી સ્થાનેથી...

# બંધારણ ઘડતી વેળાની અસહમતિઓ પણ યાદ રાખવી જરૂરી

બંધારણને લાગુ થયે ૭૨ વર્ષ વીતી ગયાં. આ બોંતેર વર્ષમાં દેશે કેટલીય ઉપલબ્ધિઓ મેળવી છે, વૈશ્વિક સ્તર પર પોતાની ધાક જમાવી છે. સૌથી મોટી વાત એ કે સમાન અને વયસ્ક મતદાન અધિકાર દ્વારા દેશે લોકતંત્રનું બીજ વાવ્યું તે હવે લોકતાંત્રિક ઈતિહાસનું વટવૃક્ષ બની ગયું છે. નિશ્ચિતપણે તમામ મોરચે હાંસલ દેશની ઉપલબ્ધિઓની સૌથી મજબૂત બુનિયાદ ભારતીય બંધારણ અને તેની પરંપરાઓ છે. આજે જે બંધારણે બનાવેલા પાટા પર રાષ્ટ્રરૂપી રેલવે ઝડપથી આગળ વધી રહી છે, તેમાં સર્વાનુમતિ સૌથી મોટી તાકાત છે. તેનો એ મતલબ નહીં કે બંધારણ રચતી વખતે દરેક મુદ્દા પર માત્ર સહમતિના જ સૂર રહ્યા હતા. બંધારણ રચતી વખતે બંધારણીય ઉપબંધો અને અનુચ્છેદો પર ચર્ચા દરમ્યાન કેટલીય વાર અસહમતિઓ પણ પેદા થઈ હતી.

અસહમતિઓના એ અવાજોને ત્યારની બંધારણ સભાની પ્રભાવશાળી હસ્તીઓએ ફગાવી દીધા હતા. અસહમતિઓ સાથે ઊઠેલ આશંકાઓને પણ નિર્મૂળ ગણાવી હતી. મજબત એ લચીલાપણા સાથે સંતુલિત બંધારણ દ્વારા હોવું તો એ જોઈએ કે તે આશંકાઓ અને તેમને લઈને તત્કાલીન જોગવાઈઓ પ્રત્યે ઉઠેલ અસહમતિઓના સૂરો અપ્રાસંગિક થઈ જવા જોઈતા હતા, પરંતુ એવું નથી થઈ શક્યું. બંધારણ સભાની ચર્ચાઓ દરમ્યાન જે આશંકાઓને ફગાવી દેવામાં આવી હતી, તે હવે સાચી પડતી દેખાઈ રહી છે. સમય આવી ગયો છે કે ગણતંત્ર દિવસની ઉજવણીના પ્રસંગે બંધારણસભાની ચર્ચાઓ દરમ્યાન ઊઠેલ અસહમતિઓના સ્વરો અને આશંકાના અવાજોને પણ યાદ કરવા જોઈએ.

ભારતીય બંધારણને સ્વીકૃતિ મળતી વખતે કેટલીય જોગવાઈઓને લઈને સવાલ ઊઠ્યા. એવો જ સવાલ હતો - કેન્દ્ર વધુ તાકાતવર હોવું જોઈએ કે રાજ્યો? દેશે જે સંઘવાદ સ્વીકાર કર્યો છે, તેમાં એક હદ બાદ કેન્દ્રીય વ્યવસ્થા વધુ તાકાતવર નથી. સરદાર પટેલે દેશી રજવાડાં અને બ્રિટિશ શાસિત ભારતના એકીકરણની જે સફળ પ્રક્રિયા ચલાવી, તેનો મૂળ ઉદ્દેશ્ય રાષ્ટ્ર તરીકે ભારતીય સત્તાને મજબૂત બનાવવાનો હતો. મજબૂત ભારતીય સત્તાનો સામાન્ય મતલબ કેન્દ્રીય વ્યવસ્થા તાકાતવર હોવાનો જ હોઇ શકે. પરંતુ આજે સ્થિતિ એ છે કે કેટલાય પ્રસંગે રાજ્ય પણ પોતાની રીતે મનમાની કરતા દેખાય છે. બંધારણ સભાની ચર્ચાઓમાંથી પસાર થતાં ઓછામાં ઓછા ત્રણ સદસ્યો એવા દેખાય છે, જેઓ માને છે કે મજબત રાષ્ટ્ર તરીકે ભારતની અસ્મિતા માટે કેન્દ્રીય સત્તાનું તાકાતવર હોવું જરૂરી હોવું જોઈએ. બંધારણ સભાની ચર્ચા જોઈએ તો ખબર પડશે કે રાજેન્દ્ર પ્રસાદ અને ડો.આંબેડકર ખુદ મજબૂત કેન્દ્રના પક્ષધર હતા. જોકે કેન્દ્રને એક સીમા બાદ મજબૂતી આપવાની અવધારણાને બંધારણ સભાએ સ્વીકારી નહીં.

રાજ્યોને વધુ તાકાતવર બનાવવા વિરુદ્ઘ બંધારણ સભામાં પૂર્વ પંજાબના સભ્ય સરદાર હુકુમસિંહ અને પટિયાલા-પૂર્વ પંજાબના સદસ્ય કાકા ભગવંત રોય પણ હતા. મજબૂત કેન્દ્રની વકીલાત કરતાં બંધારણ સભામાં સરદાર હુકુમ સિંહે કહ્યું હતું, 'દરેક દિવસ વીતવાની સાથે ભારત સતત એકાત્મક પ્રણાલી તરફ વધુને વધુ પ્રગતિ કરી રહ્યું છે. આવું ફક્ત યુદ્ઘ સમયે જ નથી થયું, બલ્કે સામાન્ય દિવસોમાં પણ થયું છે. તેથી કેન્દ્રને વધુ તાકાતવર બનાવવું જોઈએ.'

કાકા ભગવંત રાયે તો રાજ્યોને વધુ પડતા અધિકાર આપવાનો ખુલીને વિરોધ પણ કર્યો. બંધારણ સભામાં તેમણે કહ્યું હતું, 'ભારત બહુ મોટો દેશ છે. તેના કેટલાય પ્રાંત છે. આ પ્રાંતોની પોતાની મુશ્કેલીઓ છે અને કેન્દ્રની તુલનામાં તેમની સમસ્યાઓને બહેતર રીતે સમજી શકે છે. પરંતુ તેનો એ પણ મતલબ નહીં કે રાજ્યોને વધુ અધિકાર સંપન્ન બનાવી દેવા.'

# ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના વિજય રથને રોકી શકે છે.

નવીદિલ્હી,તા.૨૮

દેશમાં આવતા વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવાની છે. જયાં છેલ્લા ૯ વર્ષથી કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર સત્તામાં છે ત્યાં રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા કાઢી રહ્યા છે. આવી સ્થિતિમાં દેશનો મૂડ જાણવા માટે ન્યૂઝ એજન્સી ઈન્ડિયા ટુડેએ સી-વોટર્સ સાથે મળીને એક સર્વે કર્યો હતોઈન્ડિયા ટુડે-સી વોટર્સના સર્વેમાં એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે એવા કયા મુદ્દા છે જે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપના વિજય રથને રોકી શકે છે.

લોકોએ પૂછેલા પ્રશ્નના જવાબમાં જાણવા મળ્યું કે દેશમાં વધતી જતી મોંઘવારી અને યુવાનો માટે બેરોજગારી એટલે કે રોજગાર ન મળવો એ બે એવા મુદ્દા હશે જે ભાજપના વિજય રથને રોકી શકે છે.સર્વેમાં ૨૫ ટકા લોકોએ કહ્યું કે, વધતી જતી મોંઘવારી સરકારની સૌથી મોટી નિષ્ફળતા છે અને તેનાથી તેમના ખિસ્સાને સીધું નુકસાન થઈ રહ્યું છે, જ્યારે ૧૭ ટકા લોકોએ કહ્યું કે દેશમાં ઝડપથી વધી રહેલી યુવા વસ્તીને રોજગાર આપવામાં નિષ્ફળ રહી છે. આવનારી ચૂંટણીમાં સરકાર ગળામાં ફાંસો બની શકે છે.મોંઘવારી, કોવિડ રોગચાળો અને ચીનથી બ જોખમો હોવા છતાં, નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની એનડીએ સરકાર છેલ્લાં ત્રણ વર્ષમાં સત્તાવિરોધીને હરાવવામાં સફળ રહી છે, એમ મૂડ ઑફ ધ નેશન પોલની જાન્યુઆરીની આવૃત્તિ અનુસાર. નવ વર્ષ સત્તામાં રહ્યા પછી, ૬૭ ટકા લોકો માને છે કે જાન્યુઆરી ૨૦૨૩ સુધીનું પ્રદર્શન સંતોષકારક હતું. ઓગસ્ટ ૨૦૨૨થી આ સંખ્યામાં ૧૧ ટકાનો વધારો થયો છે.

ભાજપે ત્રિપુરા વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ માટે તેના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પ્રથમ યાદીમાં ૪૮ વિધાનસભા બેઠકોના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. યાદી જાહેર થતાં જ પૂર્વ સીએમ બિપ્લબ કુમાર દેબ ચૂંટણી નહીં લડે તેવી અટકળોને સમર્થન મળ્યું છે. યાદીમાં પૂર્વ સીએમનું નામ નથી, જ્યારે તેમની સીટ બનમાલીપુરથી ઉમેદવારની જાહેરાત કરવામાં આવી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ રાજીબ ભટ્ટાચારજી આ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.સીએમ મનિકા સાહાને ટાઉન બોરદોવલી વિધાનસભા સીટથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી પ્રતિમા ભૌમિકનું નામ પણ આ યાદીમાં સામેલ છે. તેમને ધાનપુર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છેભાજપની પ્રથમ યાદીમાં બે મુસ્લિમ ઉમેદવારો પણ સામેલ છે.

# ખબરદાર કોઈએ મતને અમૂલ્ય કહ્યો છે??

એક મતનું મૂલ્ય ૬,૦૦૦/- રૂપિયા નયા પૈસા નિર્ધારિત થયેલ છે .- રાજુ રદીનું સૌને અલ્ટીમેટમ !!!

" ગિરધરભાઇ મતનું મૂલ્ય હોય ખરું?" ચંદ્રકાંતા સિરિયલના વિલન યકુની જેમ જટિયા ખંજવાળતા ખંજવાળતા ઉડેલી ટયુબલાઇટ જેવા ડીમલાઇટ રાજુ રદીએ મારા ધરની ખુરશીમાં ૧૦ રિચરસ્કેલના ધરતીકંપના આંચકા સાથે બિરાજતા સવાલનો આફટર શોક આપ્યો.

" રાજુ લોકશાહી, બંધારણ અને નાગરિકશાસ્ત્ર

( હાઇલા,આવું પણ શાસ્ત્ર છે? આપણે તો નફરત, ઉન્માદ, ધૃણા જેવા શાસ્ત્રોના પાઠ મને કમને ભણીએ છીએ!!) મુજબ મતની તાકાત બુલેટ, બોમ્બ , મિસાઇલ કરતા અધિકતમ છે. મતની અપ્રતિમ તાકાતથી શાંતિ પૂર્વક, હથિયારના ઉપયોગ સિવાય, લોહીનું ટીપું રેડ્યા સિવાય સતાની તપ્તાને પલટાવી શકાય છે.મત રંકને રાય અને રાયને રંક બનાવી શકે છે. મત લોકશાહીનું અમોઘ અસ્ત્ર શસ્ત્ર છે." મેં લાલ કિલ્લાની પ્રાચિરથી પ્રધાનનંત્રી પ્રવચન કરે તેમ ભાષણનું રેશન પૂરું પાડી દીધું.

" ગિરધરબાબા. આ તમારા ઉદ્દબોધનમાં મારી શંકાનું સમાધાન નથી. મારો પ્રશ્ન-મુંઝવણ નિરુત્તર છે!!" રાજુ અકળાયો. રાજુ વારંવાર કિચન તરફ ચા મળવાની ઈચ્છાએ શ્રાવક થતો હતો.

" વત્સ હરણની જેમ ગ્રીવા લાંબી કરી ચા મેળવવાનો વ્યામોહ સમાપ્ત કર .કેમ કે, ગૃહ સ્વામિની લગ્નમાં પિયર પધાર્યા છે!!" મેં રાજુને સાંપ્રત પ્રવાહથી અવગત કરાવ્યો .

" ઓહ. નો. આજે આ ચર્ચાથી માથું દુખે છે, તેમાં ચાની સંજીવનીથી રાહત નહીં મળે!!" રાજુએ નિરાશા વ્યક્ત કરી.

" રાજુ . મતનું મૂલ્ય ન હોય. એટલે જ મત અમૂલ્ય છે. અલબત, આ એક નરી સંકલ્પના કે વિભાવના છે. વાસ્તવમાં વોટ મેળવવા માટે લોટ, નોટ, ચોટ આપવામાં આવે છે. મતદાનની તારીખ પૂર્વેની રાત પક્ષો તેમ જ ઉમેદવારો માટે કત્લની રાત હોય છે. મતદાર, આગેવાન, ચંદુ ચૌદસ જેવાને તેમની મત અપાવવાની તથાકથિત ક્ષમતાના આધારે રોકડ રકમ, ચવાણું , ભજિયા, સાડી, શરાબની બોટલ-કોથળી, બીડી બુમલા આપી અમૂલ્ય કહેવતમાં મતની નિર્મમ હત્યા કરી મતો અંકે કરવામાં આવે છે. વિશ્વની મજબુત અને શ્રેષ્ઠ ગણવામાં આવતી આપણી લોકશાહીની આ ઉઘાડી જાંઘ-એબ છે!!" મેં ઉંડો શ્વાસ લઇ રાજુને ઠંડે કલેજે મતનું વાસ્તવિક અને વરવું મૂલ્ય સમજાવ્યું!!

" ગિરધરભાઈ.આઝાદી મળ્યા પછી આજદિન સુધી મતરૂપી દ્રૌપદીની દુશાસન સહિત કૌરવ ઈવન પાંડવો પણ વસ્ત્રાહરણ કરતા આવ્યા છે. શેરબજારમાં શેર લિસ્ટીંગ થાય અને શેરનો ભાવ નક્કી થાય એમ ભાવ નક્કી થતો નથી. ગરજ અનુસાર જરૂરિયાતાનુસાર મતનો ભાવ નક્કી થાય છે. જો કે ક્યારેય નેગેટિવ થતી નથી. શેરબજાર જેવી ઉથલપાથલ થતી નથી. બાંધકામની આઇટમો માટે માર્ગ અને મકાન વિભાગ શિડયુલ ઓફ રેઇટ - એસઓઆર નક્કી કરે છે. નોન એસઓઆર આઇટમના ભાવ ત્રણ વરસની ખરીદી અને માર્કેટ રેઇટ નક્કી થાય છે. પાછલી દસ ચૂંટણીમાં મત કંઇ કિંમતે ખરીદ-વેચાણ કરાયો, મહતમ કંઇ કિંમત, ન્યુનતમ કિંમત એવરેજ કંઇ કિંમત તેનું પૃથક્કરણ , અન્વેષણ, વિશ્લેષણ કરવા માટે રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ બ્યુરો નથી. મત મૂલ્ય અભિવૃદ્ધિ , મતદાર અધિકાર સંરક્ષણ મતદાર કલ્સાણ મંત્રાલય પણ કાર્યાન્વિત નથી. એટલે મતદારોના કલ્યાણની કોઇને પડી નથી. મત મળી જાય એટલે ગરજ સરીને વૈદ વેરી જેવી દયનીય સ્થિતિ મતદારની છે. એકાદ વાર મતદારના ખાતામાં પંદર લાખ રૂપિયા જમા કરવાનો જુમલો કરા પછી બધા સાપ સૂંધી ગયો હોય તેમ મોંમાં દહીં જમાવીને બેસી ગયા!! " રાજુએ પહેલીવાર કવોલિટીટે વાત કરી.

" રાજુ. હવે મતદારોના ભાગ્ય ખુલી ગયા છે. ભાગ્યના કલોઝ બેરીયર ડોર ખુલી ગયા છે. લક્ષ્મીની નહીં પણ ઉનેદવારબાબુ તમારા કપાળે લક્ષ્મીનો ચાંલ્લો ચોડવા આવ્યા છે. ડફોળાઇ કે ચોખલિયા થઇને મુખારવિંદ પ્રક્ષાલન કરવા ન જતા. ભાગ્ય આડેનું પાંદડું, ડાળખું, થડ બધા નડતર , વિઘ્નો, અંતરાય સમાપ્ત થયા છે. કમનસીબીની પનોતી પૂરી થઇ છે. હવે રોકડનો સૂર્યોદય પૂર્વ ન હોય તો ઉતર દિશાએ હોય તો કુકકુમ-અક્ષત,અબિલ,ગુલાલ, ચુવાચંદનથી વધાવી લેજો. છપ્પર ફાડીને ઉમેદવાર કેશ( કેશ એટલે રોકડ. વાળ નહીં બુધ્ધુલાલ!!) આપવાના છે. કર્મચારીને ઘરભાડું મળે તેમ આ મતમૂલ્ય એલાઉન્સ જ સમજી લેજો!!" મેં રાજુને અગમનિગમના વરતારા કહ્યા!!

" ગિરધરભાઇ .આ ચૂટણીતંત્ર એટલે મતદારયાદીનું આધારકાર્ડ સાથે લિક્રઅપ કરાવે છે?? રાજુનો સવાલ.

" રાજુ આવતા વરસે કર્ણાટકમાં ચૂંટણી છે . દરેક પક્ષ મતદારને ફ્રીબીઝ કે મફતની રેવડી ખવડાવી મતો અંકે લેવા મેદાને પડયા છે.કર્ણાટકના એક ધારાસભ્યશ્રીએ સુભાશચંદ્ર બોઝનીનસ્ટાઇલમાં તુમ મુજે વોટ દો મેં તુમ્હે નોટ દૂંગાનું ખુલ્લેઆમ એલાન એક રેલીમાં કર્યું છે. એક મતના બદલામાં રુપિયા છ હજાર .એટલે પ્રધાનમંત્રી કિસાન સ્નમાન નિધિના રૂપિયા બે હજાર લેખે મણ હપતા.આ નેતાનો પગ કુડાળામાં પડી જતાં મંત્રીપદેથી ( ના) રાજીનામું આપવું પડ્યું છે. તેણે બીજા પક્ષના નેતા જેટલા મૂલ્યની ચૂંટણી સોગાદ આપે તેનાથી બમણો લાભ આપવાની પણ ઓફર કરી છે!!!"મે રાજુને યુનિક અને અદ્વિતીય ઓફરના પાસાઓ સમજાવ્યા .

આ સાંભળીને રાજુ રૂપિયા છ હજારનું મતમૂલ્ય મેળવવા રમેશ જાર્કી હોર્લી પાસે પહોંચવા મુઠીઓ વાળીને ગોરક જવા ભાંગ્યો!!

ખબરદાર કોઇએ મતને અમૂલ્ય કહ્યો છે?? એક મતનું મૂલ્ય ૬,૦૦૦/- રૂપિયા નયા પૈસા નિર્ધારિત થયેલ છે !!-રાજૂનું સૌને અલ્ટીમેટમ !!!

ભરત વૈષ્ણવ
૨૬.૧.૨૦૨૩.

## કાનાફૂસી

પતંગિયા અને ફૂલની
કેવી કેવી છે કાનાફૂસી !!
કશુંક ગળચટું ગળચટું,
શું કહેવાની છે હુસાતુંસી ?
કંઇ તો ગરજ હશે ફૂલને,
ભમરાની કરે,ચાંપલુસી!!
પહેલી ધારનો પી ઘુવડ,
ચીબરીને પુરાવે ટાપશી!!
પતઝડમાં પાન બાન ખરે,
જોઇ ઘેરી વળે છે ઉદાસી!
સૌને પરાસ્ત કરવા મથે છે,
કિસ્મત જાણે કોની દાસી?
ભરત વૈષ્ણવ
૨૮.૧.૨૦૨૨.ઈ કાવ્ય

# રમતાં-રમતાં કુસ્તીબાજનું મોતઃઅન્ય રેસલરે તેને પટક્યો, ગરદન તૂટી જવાથી મૃત્યું થયું; પરિવારજનોએ હત્યાનો આરોપ લગાવ્યો

લખીસરાય,તા.૨૮

બિહારના લખીસરાયમાં કુશ્તી લડતાં એક કુસ્તીબાજનું મોત થઈ ગયું છે. અન્ય એક રેસલરે તેને પટક્યો હતો. જ્યાં તેની ગરદન તૂટી જતાં તેનું ઘટનાસ્થળ પર જ મોત થયું હતું. આ ઘટનાના કારણે ત્યાં ભાગાદોડી મચી જવા પામી હતી. મૃતક કુસ્તીબાજની ઉંમર ૨૮ વર્ષ હતી.આનો વીડિયો પણ સામે આવ્યો હતો. પોલીસને આ વિશે માહિતી આપવામાં આવી છે. કુસ્તીબાજના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે તેની હત્યા કરી દેવાઈ છે.કુસ્તીનું આયોજન લખીસરાયના મેદની ચોકીના હુસૈના ગામમાં ગુરુવારે કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના ઘણાં પહેલવાનો આવ્યા હતા. કુસ્તી વખતે બે કુસ્તીબાજો લડતા હતા. ત્યારે થોડીવાર પછી એક કુસ્તીબાજ બીજા કુસ્તીબાજને કમરેથી પકડીને પછાડે છે. આ દરમિયાન નીચે પડવાથી તે કુસ્તીબાજની ગરદન તૂટી જાય છે. અને તેનું સ્થળ પર જ મોત થઈ જાય છે. આ મેચ ગુરુવારે સાંજે ત્રિપુરારી યાદવ (૨૮) અને ગેણૂ પહેલવાન (૩૫)ની વચ્ચે થઈ હતી. જ્યાં બન્ને વચ્ચે ઘણા વખતે સુધી કુસ્તી ચાલી હતી. અખાડામાં દાવ લગાડતાં-લગાડતાં ત્રિપુરારી પહેલવાનની ગરદન તૂટી ગઈ હતી. જેમાં તેનું સ્થળ પર જ મૃત્યું થઈ ગયું હતું. તે બિહારના મોકામાનો રહેવાસી હતી. અહીં ઘણાં વર્ષોથી કુસ્તીની પ્રતિયોગિતાનું આયોજન થાય છે.

કુસ્તીબાજના મોત પછી લોકોએ આ વિશે પોલીસને જાણકારી આપી હતી. આ પછી કુસ્તીબાજના પરિવારને જાણ કરવામાં આવી હતી. પછીથી પોલીસે મૃતદેહના પોસ્ટમોર્ટમ માટે લખીસરાય સદર હોસ્પિટલમાં મોકલી દેવાયો હતો.મૃતક કુસ્તીબાજના ભાઈ રામ કુમારનો આરોપ છે કે તેની હત્યા કરવામાં આવી છે. પરિવારે પોલીસને આ અંગે તપાસની માગણી કરી છે. તેઓનું કહેવું છે કે કોઈ દુશ્મની અથવા તો વિવાદના કારણે તેના ભાઈને મારી નાખવામાં આવ્યો છે. જોકે આ વીડિયોમાં એવું કંઈ જ સ્પષ્ટ ખબર પડતી નથી.

પોલીસ સ્ટેશનના અધ્યક્ષ અપ્સર રબ્બાનીએ જણાવ્યું હતું કે 'કુસ્તીબાજનું મોત થઈ ગયું છે. વીડિયોમાં તો આ અકસ્માત લાગી રહ્યો છે. પરિવારે હત્યાનો આરોપ લગાવ્યો છે. મૃતદેહ પરિવારને સોંપી દેવાયો છે. હાલ આ અંગે તપાસ ચાલી રહી છે.'

## ગુજરાત સરકાર અને સીબીઆઈને સુપ્રીમનો સવાલ

# સેતલ વાડ અને તેમના પતિ જાવેદ આનંદને કેમ જેલભેગા કરવા માગો છો જવાબ માંગ્યો

નવીદિલ્હી,તા.,૨૮

સુપ્રીમ કોર્ટે સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડ અને તેમના પતિ જાવેદ આનંદના કેસમાં ગુજરાત સરકાર અને સીબીઆઈને સવાલ કર્યા હતા. કોર્ટે પૂછ્યું કે સરકાર બંનેને જેલમાં મોકલવા માગો છો? આપને જણાવી દઈએ કે તિસ્તા સેતલવાડ અને તેમના પતિ આ કેસમાં સાત વર્ષથી વધુ સમયથી આગોતરા જામીન પર બહાર છે. સુપ્રીમ કોર્ટના આ પ્રશ્ન પર, સીબીઆઈ અને ગુજરાત સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ રજત નાયરે જસ્ટિસ સંજય કિશન કૌલની અધ્યક્ષતાવાળી બેંચને જણાવ્યું હતું કે કેસોના સંબંધમાં કોર્ટ સમક્ષ કેટલીક વધારાની સામગ્રી રેકોર્ડ પર લાવવાની જરૂર છે. ચાર અઠવાડિયાનો સમય માગ્યો.

જસ્ટિસ અભય એસ. ઓકા અને બી.વી. નગરત્નની બેન્ચે કહ્યું કે, સવાલ એ છે કે તમે કેટલા સમય સુધી કોઈને કસ્ટડીમાં રાખી શકો છો. સેતલવાડ, તેમના પતિ, ગુજરાત પોલીસ અને સીબીઆઈ દ્વારા દંપતી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી ત્રણ એફઆઈઆરમાંથી ઉદ્ભવતી અરજીઓની બેંચની સુનાવણી સર્વોચ્ચ અદાલત કરી રહી હતી. સેતલવાડ અને તેમના પતિનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ અને એડવોકેટ અપર્ણા ભટે જણાવ્યું હતું કે સીબીઆઈ જે કાર્યવાહીમાં અપીલમાં આવી છે તેમાંની એક કાર્યવાહીમાં ચાર્જશીટ દાખલ થયા બાદ આગોતરા જામીન મંજૂર કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેમને નિયમિત જામીન આપવામાં આવ્યા હતા.

આના પર બેન્ચે કહ્યું કે, આગોતરા જામીન મળ્યાને સાત વર્ષ વીતી ગયા છે. તમે તેને પાછા કસ્ટડીમાં મોકલવા માગો છો..? સિબ્બલે જણાવ્યું હતું કે આગોતરા જામીન સામે તપાસ એજન્સીની અપીલ જાળવી શકાતી નથી કારણ કે નિયમિત જામીન પહેલેથી જ મંજૂર કરવામાં આવ્યા છે. નાયરે દલીલ કરી હતી કે તે એક કેસમાં થયું હતું, પરંતુ તેની સામે એક કરતાં વધુ કેસ છે, અને ઉમેર્યું હતું કે આ મામલો બે જજની બેન્ચ દ્વારા મોટી બેંચને મોકલવામાં આવ્યો હતો અને આ કોર્ટ દ્વારા નિર્ણય લેવા માટે પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા હતા.

બેન્ચે આ મામલાની વધુ સુનાવણી ચાર અઠવાડિયા માટે મુલતવી રાખી છે. માર્ચ ૨૦૧૫ માં, સર્વોચ્ચ અદાલતે ૨૦૦૨ના રમખાણો દ્વારા તબાહ થયેલી અમદાવાદની ગુલબર્ગ સોસાયટીમાં સંગ્રહાલય માટે ભંડોળની કથિત ઉચાપતના સંબંધમાં સેતલવાડ અને તેના પતિની આગોતરા જામીન અરજીને મોટી બેંચને આપી હતી. અને તે પસાર થઈ હતી. અને વચગાળાના હુકમનો સમયગાળો લંબાવવામાં આવ્યો હતો.

# લલિત મોદી અને મુકુલ રોહતગીએ અંદરો-અંદર મામલો થાળે પાડવો જોઈએ, સુપ્રીમ કોર્ટે આપ્યો નિર્દેશ

નવી દિલ્હી,તા.૨૮

પૂર્વ એટર્ની જનરલ અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગી વિરુદ્ધ ઈન્ડિયન પ્રીમિયર લીગના ભૂતપૂર્વ વડા લલિત મોદીની સોશિયલ મીડિયા પોસ્ટમાં અપમાનજનક ટિપ્પણીના મામલે સુપ્રીમ કોર્ટે કોઈપણ આદેશ આપવાનો ઈનકાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, બંને પક્ષો એટલા પરિપક્વ છે કે આવી ટિપ્પણી ન કરવી જોઈએ. કોર્ટે બંને પક્ષોના વકીલોને મામલો થાળે પાડવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્ટે કહ્યું કે, આ બીજું કંઈ નથી, પરંતુ પરિવારના એક સભ્ય દ્વારા ગુસ્સાની અભિવ્યક્તિ જેવું છે. તેને વધું ખેંચો નહીં. જ્યારે પણ તમે જાહેરમાં લડવાનું શરૂ કરો છો, તે હંમેશા નુકસાનકારક હોય છે. અમે ઓર્ડર પસાર કરતા નથી.

# ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૮૪ની તેજીઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ

મેન્થા તેલમાં એકંદરે સુધારાનો પવનઃ નેચરલ ગેસ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૦૦૪૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૬૬૯૩ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ. ૨૫ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૮૬,૬૩૫ સોદાઓમાં કુલ રૂ.૧૬,૭૬૬.૩૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૦૦૪૯.૦૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૬૬૯૨.૫૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૩,૯૦૫ સોદાઓમાં કુલ રૂ.૭,૬૩૯.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૭૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૮૬૩ અને નીચામાં રૂ.૫૬,૬૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૭ ઘટી રૂ.૫૬,૮૨૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૫૭ વધી રૂ.૪૬,૨૫૭ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૮ વધી રૂ.૫,૬૭૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૭૩૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૪ ઘટી રૂ.૫૬,૭૪૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૫૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૯૨૬ અને નીચામાં રૂ.૬૮,૪૮૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૫ વધી રૂ.૬૮,૬૯૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ. ૨૦ વધી રૂ.૬૮,૭૨૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩૪ વધી રૂ.૬૮,૭૩૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫,૯૬૮ સોદાઓમાં રૂ.૧,૦૫૯.૨૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૨૨૬.૩૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૨.૮૫ વધી રૂ.૩૦૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ વધી રૂ.૭૯૩.૯૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ વધી રૂ.૧૮૮ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૯,૦૩૬ સોદાઓમાં કુલ રૂ.૧,૩૪૬.૦૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૬૧૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૩૦ અને નીચામાં રૂ.૬,૬૧૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૮૪ વધી રૂ.૬,૭૧૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૭૦ ઘટી રૂ.૨૩૨.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧૦ સોદાઓમાં રૂ.૪.૬૯ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૧૦ વધી રૂ.૧૦૧૧.૨૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૭૭૩.૪૯ કરોડનાં ૧૦,૧૩૫.૧૧૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૮૬૫.૬૧ કરોડનાં ૨૭૧.૦૯૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬૧૭.૫૦ કરોડનાં ૯,૨૪,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૭૨૯ કરોડનાં ૩૦૮૨૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૬૯ કરોડનાં ૪૬.૪૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૭૩૮.૪૬૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૭૪.૩૬૧ ટન, ક્રૂડ તેલમાં ૫૭૪૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૧૧૨૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૪૩.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૪.૭૩ કરોડનાં ૩૧૫ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૫,૭૧૦ના સ્તરે ખૂલી, ૪૧ પોઈન્ટ ઘટી ૧૫,૭૦૭ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૬,૬૯૨.૫૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨૬.૩૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૨.૧૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૬૫૧.૮૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૦૧.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૦૪.૬૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૦ અને નીચામાં રૂ.૨૦૫ રહી, અંતે રૂ.૬૯.૩૦ વધી રૂ.૨૫૩.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯.૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૯.૮૫ અને નીચામાં રૂ.૧૪.૯૦ રહી, અંતે રૂ.૪.૮૫ ઘટી રૂ.૧૫.૭૫ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૦.૫૦ અને નીચામાં રૂ.૯૧૭.૫૦ રહી, અંતે રૂ.૧૫૨ ઘટી રૂ.૯૭૫ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૯૦ અને નીચામાં રૂ.૧,૧૧૫ રહી, અંતે રૂ.૨૫ ઘટી રૂ.૧,૧૭૩ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૬૬ અને નીચામાં રૂ.૬૧૫.૫૦ રહી, અંતે રૂ.૫૩ ઘટી રૂ.૬૫૮ થયો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No/0044
વિષય:- કાગળ અને કલમ
પ્રકાર:- ગદ્ય
શીર્ષક :- બા નો પેટારો
શબ્દો :-૩૦૬

ગામડે બા બિમાર થતાં એક? મહિનો હું સાથે રહ્યો,બા ખુશ . નોકરી પર હાજર થવા નીકળતી વખતે બા એ કહ્યું, × રમેશ , રજામાં વહુને, છોકરાંને લઈ?ને રહેવા આવજે.×

માંડ પંદર દિવસ નોકરી કરી,ને આવ્યું લોકડાઉનનું ?ફરમાન. તરત જ પરિવારને લઈ બા પાસે પહોંચી ગયો.બાળકોને પણ બા સાથે ખૂબ મજા આવી. બાની ઓરડીમાં એક પેટારો રહે પેટારા પર પિતાજીનો શાહીનો ખડિયો,કલમ,ડાયરી, પુસ્તકો,અને ખાતાવહી , પિતાજીનો આટલો અસબાબ એમની હયાતી ન હોવા છતાં જતનથી સાચવેલો.કોઈને અડવા ન દે.બાળકો પૂછે ,×આ બધું શું કામનું? જુનું થયું કાઢી નાંખો×.ત્યારે બા એ ક્હ્યું ,× હું છું ત્યાં સુધી આની જગ્યા પણ ન બદલાય. આ જ ખડિયામાં આ પીંછા વાળી કલમથી તમારા દાદાએ નામુ લખી રમેશને ભણાવ્યો, એનાં લગ્નની શુકનની કંકોતરી લખી. આ? પેટારો મારા માવતરની યાદગીરી.×

રોજ આવી જુની વાતો થતી બાળકો ને મજા આવતી. બા તો એકદમ ખુશ.

એક દિવસ વાળું કરીને બેઠાં હતાં ને હસતાં હસતાં બાએ મારા ખભા પર ડોકી ઢાળી દીધી.બોલતી બા નિષ્પ્રાણ થઈ ગઈ. મારૂં રૂદન સાંભળી બધા? ભેગાં થયાં.ભારે હૈયે બાને વળાવી.તમામ વિધિ પતાવી.

લોકડાઉન પિરયડ પુરો થતાં નોકરી પર હાજર થવાનું હોવાથી તૈયારી કરતો હતો ત્યાં જ પત્ની એ બોલાવેલ કબાડી વાળો આવ્યો.પેટારાનો ભાવતાલ કરવા લાગ્યો.મને વાત સંભળાય મેં કબાડી વાળાને સો રૂપિયા આપી, પેટારો નથી આપવાનો કહી વિદાય કર્યો. પત્ની ને કહ્યું ,×સપનામાં પણ પેટારો કાઢી નાખવાનો વિચાર કરતી નહીં. જ્યાં સુધી હું જીવીત છું ત્યાં સુધી પેટારો અને એની ઉપર નો આ અસબાબ આ જ? સ્થિતિ માં રહેશે.

?આ પેટારો અને એની ઉપર નો આ અસબાબ આપણી વિરાસત કહેવાય.આ ની આગળ મારી લાખોની કમાણી અને અહીં જે વાડી છે એની કોઈ વિસાત નથી.×

મારી વાત સાંભળી પત્ની અને બાળકો બોલી ઉઠ્યા,× હવેથી દર વર્ષે વેકેશનમાં આપણે અંહી આવશું એટલે બા- દાદા ની આ વિરાસત જોઈ એમની હાજરી મહેસુસ કરીશું.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS NO: 126
પ્રકાર : પદ્ય (અછાંદસ)
વિષય: કાગળ અને કલમ ( નિસર્ગ)
નામ:. મોહનભાઈ આનંદ (વડોદરા)

દાન દીધું છે દેહ તણું વૃક્ષ થઈને,
સહ્યું છે દુઃખ દર્દ જીવન આ હસીને ,
વિસ્તરણ ભોજ પ્રત સમું જુઓને
સ્નેહાળ આવરણ દિલથી જ ઘૂંટીને,
સર્વત્ર છે વિસ્તરણ મારા જ પડદે,
કંડાર્યુ શબ્દમાં શૃંગારિક રસાળ થઈને .
ખેંચાય તન પર બિંદુ રેખા વિસ્તરીને,
થાય ચિત્રણ અનેકવિધ રૂપ પ્રગટીને.
સકલ વિશ્વદર્શન પ્રતિબિંબિત મુજમાં
શબ્દ કલ્યાણકારી ઉરમાં ઉદ્ભવીને.

---

NOG SS NO 140
વિષય : કાગળ અને કલમ
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શિર્ષક:: સથવારો

કાગળ અને કલમ મળી
લખે વિધીના લેખ તો લખે વસિયતનામું પણ...
કાગળપરનું એક મત્તું જોડતું બે જીવન તો એવું જ મત્તું ક્યાંક ફાડતું છેડા.
કક્કાથી કવિતા સુધી
કલમ કાગળની સહિયારી કમાલ
જમા ઉધારનાં કાળાં ધોળાંથી ચિત્રગુપ્તના ચોપડા સુધી કર્મના લેખ લખાય.
કલમે નારી સમ સજ્યા અવનવા શણગાર ખડીયા સાથે કીત્તો ની તો આજે બૉલપેન ..
કાગળે પણ કાયાકલ્પ કર્યો ભોજપત્રથી શરૂથઈ ધર્યાં અવનવાં રૂપ.
પર્યાવરણ બચાવવા ડીજીટલ પડ્યું મેદાન,
કાગળનો વપરાશ ઘટ્યોને છૂટ્યો કલમનો સાથ.
કાગળ વિના વિધવા કલમ તો કાગળ રૂએ એકાંત..

,હેમા પિનાકીન ત્રિવેદી
કૃષ્ણપ્રિયા

---

NOG SS. NO. 0097
વિષય: કલમને કાગળ
પ્રકાર: ગદ્ય
શીર્ષક: તારણહાર

રીયાના લગ્ન મધ્યમ પરિવારમાં થયા. મોટે ભાગે દરેક પરિવાર એવું જ માનતો હોય છે કે “સંબંધી તરીકે સરખે સરખા જ શોભે” એટલે નમણી,નાજુક અને સુંદર એવી રિયાએ સામાન્ય દેખાવ સાથે સામાન્ય નોકરી કરતો વર કમને વગર આનાકાનીએ સ્વીકારી લીધો.બુદ્ધિ, આવડત અને તાબિયતે પણ સામાન્ય એવો રિયાનો પતિ બે બાળકોની જવાબદારી રિયાને સોંપીને સામાન્ય નહીં પણ બિલકુલ જ ઝીરો બેલેનસ મૂકીને પરધામ સિધાવ્યો.

રિયાને માથે આભ તૂટી પડ્યું. સમાજ અને સગા વહાલા ફોનથી ફરજ બજાવીને સંતોષ માનતા રહ્યા. રિયાને ખબર હતી એણે પોતે પોતાના પગ પર ચાલવાનું છે. પોતાના ખભાને પોતે જ ટેકો આપવાનો છે.

રિયાએ પોતાનો સાચવી રાખેલો ખજાનો ખોલ્યો. અત્યાર સુધીની પોતાની લખેલી બાળ વાર્તાઓ અને નાની મોટી રચનાઓ વાંચવા બેઠી. કંઈક યાદ આવ્યું એને જાણે પાંખો ફૂટી.એની સાથે ભણતા અને હાલ કોલેજમાં ગુજરાતીના પ્રોફેસર એવા કિરણ ભટ્ટ ને મળી. પોતાની વાર્તા ઓ અને રચનાઓ બતાવી. કિરણ ભટ્ટ તો એની રચના જોઈને અભિભૂત થઈ ગયા. એમણે એની બાળ વાર્તાઓ અને રચના મેગેઝીન અને છાપામાં છાપવા મોકલી દીધી સાથે સાથે એક પ્રકાશકને ત્યાં પ્રુફ રીડર તરીકેની નોકરી પણ અપાવી દીધી.

રિયા માટે તો જાણે સોનાનો સૂરજ ઉગયો. થોડા જ સમયમાં પ્રકાશકને રિયાની વૈધવ્ય ની પરિસ્થિતિની પણ ખબર પડી.પોતે પણ નિ:સંતાન વિધુર હોય. રિયાને વાત કરી અને બંને જણાએ સંમતિથી નવ જીવનની શરુઆત કરી.

આરીતે કલમ અને કાગળ રિયા માટે તારણહાર બન્યા.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
હાલ-વડોદરા

---

NG No. -- 39
વિષય - કલમ અને કાગળ
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક- મિત્રતા કાગળ-કલમની

કોરાં કાગળ પર ઉતારું કલમ વડે જીવન મારું!
એમ કલમ વડે કાગળને કરી દઉં શુકનવંતુ!
મોતી જેવા શબ્દો ને મોતી જેવડા આંસુ!
ટપકતાં જ નીકળી પડે રૂંધાયેલું ડૂસકું!
અનોખું આ એકાંત ને અનેરી છે વાતડી!
મનનાં ભીતરની વાત લખાઈ જાય ફાંકડી!
કલમથી પીયુના મિલનને સજાવું કાગળ પર!
ને વળી લખી વહાવું હું વિરહની વ્યથાને!
શબ્દોને ઝાકળના ટીપાં સમ બનાવી,
કાગળને પુષ્પની પાંદડી જેમ મહેકાવીશ!
રૂપ, સુગંધ અને મીઠાશ શબ્દોમાં ભરી દઉં,
શબ્દોનાં મોતીના તોરણ કાગળ પર સજાવું!
જિંદગીની ખુશીઓ અને અછાની રહેતી પીડા!
મધરાતના સપના શબ્દે શબ્દે શણગારું!
અંતરના અમી ને રુહની નિર્દોષ ચાહત!
મહેસુસ થાય શબ્દે શબ્દે દિલની નજાકત!
નારીની ખુમારી ને માણસની ભવ્યતા!
કુદરતની તમામ કરામતને હું આંકુ!
ભીતર ઉગે જે વાતો અવનવી!
ઉતરે કાગળ પર અનોખી બની કલમથી!
મધુરતા ભરી દઉં પળપળની જિંદગીની!
એહસાસ રૂપી અક્ષરના દિવા પ્રગટાવું!
લાલ, પીળા, મેઘ ધનુષી રંગોના,
સુખ - દુઃખને હું કાગળ પર ઉતારું!

પ્રફુલ્લા ‘પ્રસન્ના’
અમદાવાદ

## ગુજરાતના રૂપાણી બિપ્લબ કુમાર દેબ બન્યા,ભાજપે કરી ઉમેદવારોની જાહેરાત

અગરતલ્લા,તા.૨૮

લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપ માટે ૯ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. ભાજપે ત્રિપુરામાં ૪૮ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં પૂર્વ સીએમ બિપ્લબ કુમાર દેબને ટિકિટ આપવામાં આવી નથી. તેમની સીટ બનમાલીપુરથી ઉમેદવારની જાહેરાત કરવામાં આવી છે. ત્રિપુરા બીજેપી અધ્યક્ષ રાજીબ ભટ્ટાચારીને આ સીટ પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ભાજપ દ્વારા જાહેર કરાયેલા ૪૮ ઉમેદવારોમાં પૂર્વ મુખ્યમંત્રી બિપ્લબ કુમાર દેબનું નામ સામેલ નથી. ગુજરાતમાં રૂપાણીની જેમ બિપ્લવકુમાર દેવની હાલાત થઈ છે. જેઓને હટાવીને મામિક સાહાને આ પદ સોંપાયું હતું. હવે સ્થાનિક ચૂંટણીમાં તેમને ટિકિટ જ અપાઈ નથી.પૂર્વ સીએમ બિપ્લબ કુમાર દેબની સીટ બનમાલીપુરથી ઉમેદવારની જાહેરાત કરવામાં આવી છે. ત્રિપુરા બીજેપી અધ્યક્ષ રાજીબ ભટ્ટાચારીને આ સીટ પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. બીજી તરફ ટાઉન બારડોવલી વિધાનસભા સીટ પરથી સીએમ માણિક સાહાને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી પ્રતિમા ભૌમિકનું નામ પણ આ યાદીમાં સામેલ છે. ભાજપે તેમને ધાનપુર બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા છે.

આ સિવાય ભારતીય જનતા પાર્ટીએ પણ બે મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી છે. ભાજપની પ્રથમ યાદીમાં બોક્સનગરથી તફઝલ હુસૈનને ટિકિટ આપવામાં આવી છે. તે જ સમયે, કૈલાશહરથી મોહમ્મદ મોબેશર અલીને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

ભાજપે પ્રથમ યાદીમાં ૪૮ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. અત્યારે ૧૨ બેઠકો માટેના ઉમેદવારોની યાદી હવે પછી જાહેર કરવામાં આવશે. આ ઉમેદવારોની યાદીમાં ઘણા નવા ચહેરા છે. શનિવારે દિલ્હીથી જાહેર કરાયેલા ઉમેદવારોની આ યાદીમાં પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યસભાના સાંસદ બિપ્લબ કુમાર દેબનું નામ નથી.

તમને જણાવી દઈએ કે ૧૮ જાન્યુઆરીએ ભારતના ચૂંટણી પંચે ત્રણ પૂર્વોત્તર રાજ્યોની ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી. ત્રણેય રાજ્યોમાં ગત વખતની જેમ બે તબક્કામાં ચૂંટણી યોજાશે. ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થશે. તો ત્યાં ૨૭ ફેબ્રુઆરીએ નાગાલેન્ડ અને મેઘાલયમાં એક સાથે મતદાન થશે. ત્રણેય રાજ્યોમાં ૨ માર્ચે પરિણામ આવશે.

## દિલ્લીમાં વરસાદ, કાશ્મીરમાં હિમવર્ષા, તાપમાન શૂન્યથી નીચે રહેશે : હવામાન વિભાગની આગાહી

નવીદિલ્હી,તા.૨૮

દિલ્લીમાં આવતા અમુક દિવસો સુધી વાદળો છવાયેલા રહેવાની સંભાવના છે. ભીષણ ઠંડી બાદ હવે ધીમે-ધીમે તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. ગુરુવારે અમુક વિસ્તારોમાં ધૂમ્મસ છવાયેલુ રહ્યુ. વળી, ૨૯ જાન્યુઆરીના રોજ વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજધાનીમાં લઘુત્તમ તાપમાન ૧૨.૮ ડિગ્રી નોંધવામાં આવ્યુ હતુ. જે આ મહિનામાં અત્યાર સુધીનુ સર્વાધિક છે. વાદળા છવાયેલા રહેશે, વરસાદની સંભાવના વાદળા છવાયેલા રહેશે, વરસાદની સંભાવના ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહત્તમ તાપમાન ૧૭.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યુ, જે આ સિઝનના સરેરાશથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દિલ્લીમાં આગામી ચાર-પાંચ દિવસ વાદળછાયુ વાતાવરણ રહેવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૨૯ જાન્યુઆરીએ હળવો વરસાદ પડી શકે છે. દિલ્લીમાં આ વખતે શિયાળાની સિઝનમાં હજુ સુધી વરસાદ પડ્યો નથી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ નવેમ્બર અને ડિસેમ્બરમાં મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના અભાવને કારણે આવુ બન્યુ. ગયા વર્ષે જાન્યુઆરીમાં શહેરમાં ૮૨.૨ મીમી વરસાદ નોંધાયો હતો, જે ૧૯૦૧ બાદથી આ મહિનામાં સૌથી વધુ હતો. મહિલાઓ કરતા પુરુષોએ ભાજપ પર વધુ ભરોસો કર્યો, સર્વેમાં ખુલાસોમહિલાઓ કરતા પુરુષોએ ભાજપ પર વધુ ભરોસો કર્યો, સર્વેમાં ખુલાસો દિલ્લીમાં પ્રદૂષણનુ સ્તર દિલ્લીમાં પ્રદૂષણનુ સ્તર હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પશ્ચિમ ભારતને અસર કરતી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે દિલ્લીમાં વાદળોના આવરણને કારણે લગભગ એક અઠવાડિયા સુધી લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થવાની કોઈ શક્યતા નથી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા મુજબ દિલ્લીમાં એકંદરે એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૨૯૭ નોંધાયો હતો. ૦ અને ૫૦ની વચ્ચેનો છઊૈં ‘સારુ‘, ૫૧થી ૧૦૦ વચ્ચે ‘સંતોષકારક‘, ૧૦૧થી ૨૦૦ વચ્ચે ‘મધ્યમ‘, ૨૦૧થી ૩૦૦ વચ્ચે ‘ખરાબ‘, ૩૦૧થી ૪૦૦ વચ્ચે ‘ખૂબ ખરાબ‘ અને ૪૦૧થી ૫૦૦ વચ્ચે ‘ગંભીર‘ માનવામાં આવે છે. સ્કાયમેટ વેધર સર્વિસિસના મહેશ પાલવતે કહ્યું કે આગામી બે દિવસમાં દિલ્લીનુ લઘુત્તમ તાપમાન ઘટી શકે છે.

ગુજરાતમાં ઠંડીનુ જોર યથાવત રહેશે, કાશ્મીરના અમુક ભાગોમાં હિમવર્ષા યથાવત કાશ્મીરના અમુક ભાગોમાં હિમવર્ષા યથાવત હવામાન વિભાગના અધિકારીઓએ આ માહિતી આપી કે કાશ્મીરમાં ઘણી જગ્યાએ હિમવર્ષા ચાલુ છે. ખીણમાં વાદળછાયા વાતાવરણને કારણે લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. જોકે ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે રહ્યુ હતુ. કાશ્મીરમાં ખાસ કરીને દક્ષિણ જિલ્લાઓમાં ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ હિમવર્ષા નોંધાઈ હતી. હવામાન વિભાગે શુક્રવારે હવામાન સૂકુ રહેવાની આગાહી કરી છે. હિમવર્ષા અને વાદળછાયા આકાશને કારણે ખીણના મોટાભાગના સ્થળોએ લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે.

વિભાગના અધિકારીઓએ જણાવ્યુ કે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન ૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ, જે અગાઉ કરતા ૦.૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ છે. કાશ્મીર ખીણના પ્રવેશદ્વાર કાઝીગુંડમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. વાર્ષિક અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુદરમિયાન હિમાચલ પ્રદેશમાં બુધવારે પણ વરસાદ અને હિમવર્ષા ચાલુ છે. તાજી હિમવર્ષાના કારણે રાજ્યભરમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે, જેના કારણે લોકોની પરેશાનીમાં વધારો થયો છે.રાજયમાં ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૨૬૨ રસ્તાઓ બ્લોક છે. રોહતાંગ પાસ નેશનલ હાઈવે -૦૩, જલોડી પાસ નેશનલ હાઈવે ૩૦૫ અને ગ્રાંકુથી લોસર નેશનલ હાઈવે-૫૦૫ સંપૂર્ણ રીતે બ?લોક છે. લાહૌલ-સ્પીતિ જિલ્લામાં સૌથી વધુ ૧૩૯ રસ્તાઓ પર અવરજવર બંધ છે. ચબા જિલ્લામા ૯૨, કાંગડામાં ૨, કુલ્લુમાં ૧૩, મંડીના સેરાજ ઉપ-વિભાગમાં ૩ અને શિમલાના ચૌપાલ અને ડોદરા કવાર ઉપવિભાગમાં ૧૩ રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા હતા. રાજયભરમાં ૮૮૯ વીજ ટ્રાન્સફોર્મર અટવાઈ પડયા છે. અનેક વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો છે. ચંબા, ડેલહાઉસી, ટીસા, સલુની, ભરમૌર, પાંગી, ભાટીયાટ પેટા વિભાગોમાં ૭૯૩ પાવર ટ્રાન્સફોર્મર ઠપ છે. કિન્નૌરમાં ૧૧ પાવર ટ્રાન્સફોર્મર, લાહૌલ-સ્પીતિમાં ૯૫ પાવર ટ્રાન્સફોર્મર ઠપ છે. જયારે ૨૯ પાણી પુરવઠા યોજનાઓ પણ પ્રભાવિત છે. ચંબા જિલ્લામાં ટીસા, સલુની અને ભરમૌર પેટાવિભાગોમાં ૨૭ અને લાહૌલ, ઉદયપુરમાં એક એક પાણી પુરવઠા યોજનાઓ અસરગ્રસ્ત છે. અટલ ટનલ રોહતાંગના ઉત્તર અને દક્ષિણ પોર્ટલ બરફથી ઢંકાયેલા છે.ભારે હિમવર્ષાને કારણે મનાલી-લેહ રોડ પર વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે. આ કારણે લાહૌલ ખીણનો મનાલી સાથેનો સંપર્ક તૂટી ગયો છે. લાહૌલ-સ્પીતિના ૧૩૯ રસ્તાઓ પર વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. રોહતાંગ, બરાલાચા, શિંકુલા પાસ અને કુંજમ પાસમાં સતત હિમવર્ષા થઈ રહી છે. આ પાસમાં, ૩૦ થી ૪૦ સેમીની નવેસરથી હિમવર્ષા થઈ છે. અટલ ટનલ રોહતાંગના દક્ષિણ પોર્ટલ પર પણ લગભગ ૨૦ સેમી બરફ પડવાની ધારણા છે. સોલંગનાલા, ધુંડી, કોઠી અને ગુલાબામાં ૧૬ સેમી હિમવર્ષા નોંધાઈ છે.

## ઠગાઈમાં ગુમાવેલા ૨૦ લાખ પાછા મેળવેવા રાકેશ રોશનની હાઈકોર્ટમાં

મુંબઈ,તા.૨૮

સીબીઆઈ અધિકારી હોવાનું જણાવીને પૈસા પડાવનારા આરોપી પાસેથી જપ્ત કરાયેલી રકમ પાછી મેળવવા અભિનેતા અને ફિલ્મ નિર્માતા રાકેશ રોશને હાઈ કોર્ટમાં ધા નાખી હતી. કોર્ટે અરજીને પગલે સીબીઆઈ અને રાજ્ય સરકારને નોટિસ આપીને ચાર સપ્તાહમાં જવાબ નોંધાવવા જણાવ્યું છે. ૨૦૧૧માં રોશન પાસેથી રૂ. ૫૦ લાખની ઠગાઈ કરવામાં આવી હતી. બાકીના રૂ. ૨૦ લાખ પાછા મેળવવા આ અરજી કરાઈ છે.એક નિર્માતાએ કરેલી ફરિયાદને લઈ થયેલો વિવાદ ઉકેલી આપવાના બહાને આરોપીએ રોશનનો સંપર્ક કર્યો હતો. કોર્ટ બહાર સેટલમેન્ટ કરાવવા તૈયાર કરવા નકલી સીબીઆઈ અધિકારીને રોશને રૂ. ૫૦ લાખ આપ્યા હતા. રોશનને હકીકતની જાણ થતાં ૨૦૧૧માં એન્ટિ કરપ્શન બ્યુરોમાં ફરિયાદ કરી હતી. સીબીઆઈ પાસે આ કેસ સોંપાયો હતો.

## દેશમાં ૩૦ મુખ્યમંત્રીઓની શ્રેષ્ઠતા ચકાસવા માટે કરાયેલા સર્વેમાં કેજરીવાલને પાછળ છોડીને યોગીને પ્રજાએ શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા છે.

લખનૌ,તા.૨૮

પોતાની કડક છબી અને ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલસન્સ માટે જાણીતા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને દેશના સૌથી શ્રેષ્ઠ મુખ્યમંત્રી માનવામાં આવ્યા છે. એક ખાનગી ન્યૂઝ ચેનલના સર્વે મુજબ ૩૯.૧ ટકા લોકોએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને બેસ્ટ પરફોર્મિંગ મુખ્યમંત્રી ગણાવ્યા છે. તેમણે આ લિસ્ટમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પણ પાછળ છોડ્યા છે. ૧૬ ટકા લોકોએ કેજરીવાલને સારા મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા છે.

નોંધનીય છે કે ઈન્ડિયા ટૂડે અને સી-વોટરના સર્વે મૂડ ઓફ ધ નેશન હેઠળ ૩૦ મુખ્યમંત્રીઓના કામકાજને લઈને સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં દેશની જનતાએ યોગી આદિત્યનાથને સૌથી શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યા છે અને કહ્યું કે તેઓ સૌથી સારું કામ કરે છે. આ સર્વેનું માનીએ તો યોગી આદિત્યનાથની લોકપ્રિયતા ઘણી વધી છે.

આ લિસ્ટમાં બીજા નંબર પર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ છે, જેમને ૧૬ ટકા લોકોને સારા કામ માટે પસંદ કર્યા છે. ૨૦૨૨ની સરખામણીમાં અરવિંદ કેજરીવાલની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. ૨૦૨૨માં ૨૨ ટકા લોકોએ અરવિંદ કેજરીવાલના કામકાજને સારું માન્યું હતું. આ લિસ્ટમાં ત્રીજા નંબર પર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનું નામ છે. જેમને દેશના ૭.૩ ટકા લોકોએ સારા મુખ્યમંત્રી માન્યા છે. મમતા બેનર્જીની લોકપ્રિયતામાં પણ ૨૦૨૨ની સરખામણીમાં ઘટાડો થયો છે.

સર્વેમાં એ વાતનો પણ દાવો કરવામાં આવ્યો છે કે જો હાલ ઉત્તરપ્રદેશમાં ચૂંટણી યોજાયો તો ભાજપની સામે કોઈ ટક્કર લેવા માટે સક્ષમ નથી. જો આજે ચૂંટણી થાય તો ભાજપને ૮૦થી ૭૦ ટકા બેઠકો મળી શકે છે. જ્યારે સમાજવાદી પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસને માત્ર ૧૦ બેઠકો જ મળી શકે તેમ છે.

## મધ્ય પ્રદેશઃ હોશંગાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલીને નર્મદાપુરમ કરાશે

ભોપાલ, તા.૨૮

ભોપાલ રેલવે મંડળમાં હબીબગંજ બાદ હવે વધુ એક રેલવે સ્ટેશનનું નામ બદલાવા જઈ રહ્યુ છે. હોશંગાબાદ રેલવે સ્ટેશનનું નામ હવે નર્મદાપુરમ રેલવે સ્ટેશન હશે. કેન્દ્ર સરકારની પરવાનગી બાદ પરિવહન વિભાગે રાજપત્રમાં આની સૂચના જાહેર કરી દીધી છે. ઉલ્લેખનીય છેકે અગાઉ રાજ્ય સરકાર હોશંગાબાદ વિભાગ અને જિલ્લાનું નામ બદલીને નર્મદાપુરમ કરી ચૂકી છે.ઉલ્લેખનીય છેકે ભોપાલના હબીબગંજ રેલવે સ્ટેશનનું નામ પણ બદલીને વર્ષ ૨૦૨૧માં રાણી કમલાપતિ સ્ટેશન કરવામાં આવી ચૂક્યુ છે. ૧૫ નવેમ્બર ૨૦૨૧એ આદિવાસી ગૌરવ દિવસના અવસરે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભોપાલ આવ્યા હતા, ત્યારે તેમણે વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ નવા ક્લેવરમાં હબીબગંજ રેલવે સ્ટેશનનું રાણી કમલાપતિ સ્ટેશન તરીકે લોકાર્પણ કર્યુ હતુ. ગયા વર્ષે નર્મદા જયંતી નિમિત્તે ૮ ફેબ્રુઆરીએ સીએમ શિવરાજ સિંહ ચૌહાણે હોશંગાબાદ શહેરનું નામ બદલીને નર્મદાપુરમ કરવાની જાહેરાત કરી. જે બાદ કેન્દ્ર તરફથી આ બાબતનું નોટિફિકેશન જારી થયા બાદ આની સત્તાવાર જાહેરાત કરી દેવાઈ હતી.

## રશિયન વિદેશ મંત્રીએ ભારતને અમેરિકા અને યુરોપીય દેશોથી પણ આગળ ગણાવી કર્યા વખાણ

નવીદિલ્હી,તા.૨૮

યુક્રેન-રશિયા યુદ્ધના વચ્ચે દ્વદ્ધ અને યુરોપિન યુનિયનના કડક વલણને જોતા રશિયાએ ભારતના વખાણ કર્યા છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે નાટો, યુરોપિયન યુનિયન સિવાયના બ્રીક્સ જેવા બહુરાષ્ટ્રીય પ્લેટફોર્મને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. ભારતને આર્થિક શક્તિનું નવું કેન્દ્ર ગણાવતા રશિયન વિદેશ મંત્રીએ તેના નાણાકીય અને રાજકીય પ્રભાવને વિસ્તારવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારત જેવા દેશો પહેલાથી જ અમેરિકા અને યુરેપિયન યુનિયનના સભ્ય દેશો કરતાં આગળ છે.

અમેરિકા પર આકરા પ્રહાર કરતા લાવરોવે એરીટ્રિયામાં એક સંયુક્ત ન્યૂઝ કોન્ફરન્સમાં પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સામૂહિક પશ્ચિમ દેશો, નાટો અને યુરોપિયન યુનિયન જેવા એકમો દ્વારા સમૂહને સંપૂર્ણ રીતે નિયંત્રિત કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, 'બહુ-ધ્રુવીય વિશ્વની સ્થાપના એક હેતુપૂર્ણ પ્રક્રિયા છે. સામૂહિક પશ્ચિમ દેશો, યુનાઈટેડ સ્ટેટ્સ,નાટો અને યુરોપિયન યુનિયન સંપૂર્ણપણે વોશિંગ્ટન દ્વારા નિયંત્રિત છે.' લાવરોવે તુર્કી, ઈજિપ્ત, પર્શિયન ગલ્ફ દેશો, બ્રાઝિલ અને અન્ય લેટિન અમેરિકન દેશોને બહુ-ધ્રુવીય દેશોના ભાવિ કેન્દ્ર તરીકે વર્ણવતા કહ્યું હતું કે તે વર્તમાન સમયમાં પ્રભાવશાળી અને આત્મનિર્ભર કેન્દ્રો તરીકે ઉભરી રહ્યા છે.

એરિટ્રિયામાં એક સંયુક્ત ન્યૂઝ કોન્ફરન્સ દરમિયાન રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે જાહેરાત કરી હતી કે ૧૫મી બ્રીકસ સમિટ આ વર્ષના ઓગસ્ટના અંતમાં દક્ષિણ આફ્રિકાના ડરબનમાં યોજાવાની છે. બ્રીકસ સંગઠનના વખાણ કરતા લાવરોવે કહ્યું હતું કે તે વિશ્વના વિકાસશીલ દેશોનો એક સહિયારો પ્રયાસ છે. તેમણે કહ્યું હતું કે, 'આ સંગઠન ૫ દેશોને એકજૂથ કરે છે જેમાં ૧૨થી વધુ અન્ય લોકો જોડોવા માટે રસ ધરાવે છે.' બ્રીકસ અને અન્ય દેશો વચ્ચેના સંબંધોને વિકસિત કરવા એ ઓગસ્ટમાં યોજાનારી આગામી સમિટની કેન્દ્રીય થીમ હશે.

## જૂનાગઢના મેંદરડામાં સૂર્યોદય યોજના માત્ર કાગળ પર, દિવસે વીજળી આપવાની માંગ

જુનાગઢ ,તા.૨૮

જૂનાગઢના મેંદરડામાં સૂર્યોદય યોજના માત્ર કાગળ પર જોવા મળી છે પીજીવીસીએલ કચેરી પર દિવસે વીજળી આપવાની માગ સાથે ખેડૂતો અને મેંદરડાના સરપંચ ધરણા પર બેઠા છે.ખેડૂતોની સાથે કોંગ્રેસના ધારાસભ્ય અરવિંદ લાડાણી પણ ધરણામાં જોડાયા હતા.રાત્રીને બદલે દિવસે વીજળી આપવા ખેડૂતોએ સરકારને માગ કરી હતી.ખેડૂતોનું કહેવું છે, ય્ફઝન્ના અધિકારીઓ રાત્રે વીજળી આપતા હોવાથી વન્ય પ્રાણીઓના કારણે ખેડૂતો ખેતરમાં જઈ શકતા નથી અને કડકડતી ઠંડીમાં ખેડૂતોને પાણી વાળવું મુશ્કેલ બને છે.

ઉલ્લેખનીય છે કે, આ ઉપરાંત ગુજરાત કોંગ્રેસે સીએમ ભૂપેન્દ્ર પટેલને દિવસે વીજળી આપવાની માંગ કરી છે. હાલ કાતિલ ઠંડીને કારણે રાજ્યના લાખો ખેડૂતો રાત્રે ખેતરમાં વ્યાપક પરેશાની ભોગવી રહ્યા છે અનેક ખેડૂત આગેવાનો અને કોંગ્રેસ પક્ષ તરફથી પણ ખેડૂતોને દિવસે વીજળી આપી કાતિલ ઠંડીમાંથી બચાવવા માંગ આપની સમક્ષ કરી રહ્યા છીએ.

મોડાસાના ટીટોઈના ૫૭ વર્ષના ખેડૂત લવજી વિરસંગ પટેલ રાત્રી વખતે પાણી વાળવા ખેતરે ગયા હતા જેઓ કાતિલ ઠંડીમાં ઠુંઠવાઈ ખેતરમાં મૃત હાલતમાં મળ્યા હતા. આપણા સૌ માટે અતિ દુઃખદ અને ખાસ કરીને સરકારે ચિંતા કરવાનો સમય પાકી ગયો છે લાંબા સમયથી વિવિધ ખેડૂત સંગઠનો અને કોંગ્રેસ પક્ષની માંગ કરી રહ્યું છે. કાતિલ ઠંડીમાં ખેડૂતોને બચાવવા અતિ જરૂરી છે ત્યારે રાજ્યસરકાર ખેડૂત ખેતી બચાવવા માટે ખેતી માટે દિવસે વીજળી આપવાનો નિર્ણય સત્વરે કરવા અપીલ કરી છે.

## અમદાવાદ, ભાવનગર, વડોદરા સહિત ઠેર ઠેર કડાકા સાથે વરસાદ પડતા ભર શિયાળામાં ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો

અમદાવાદ,તા.૨૮

રાજ્યમાં કડકડતી ઠંડી વચ્ચે હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે. ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી દાહોદ, અમદાવાદ, આણંદ, ગાંધીનગરમાં સામાન્ય વરસાદની સંભાવના છે.. જેને ધ્યાને રાખીને માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. ભારે પવન સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરાઇ છે. પવનોની ગતી ઉત્તર પૂર્વીય તરફ જોવા મળશે.. પવનની ગતિ ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. જોકે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં હવામાન સામાન્ય રહેશે. તો ૩૦ જાન્યુઆરી બાદ તાપમાન ફરી ૧૦ ડિગ્રીથી નીચું જતા કડકડતી ઠંડી પડવાની શક્યતા છે.માવઠાની આગાહી સાથે સાથે હવામાન વિભાગે માછીમારોને આગામી ૨૪ કલાક દરમિયાન દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ભારે પવન સાથે વરસાદ વરસી શકે છે. દરમિયાન પવનની ગતિ પ્રતિ કલાક ૪૦થી ૫૦ કિલોમીટરની રહેશે. આગામી ૨૪ કલાકમાં વરસાદ સાથે ઠંડીનો પણ અનુભવ થશે અને ઠંડીનો ચમકારો પણ યથાવત્ રહેશે.જોકે ૨૮ જાન્યુઆરીએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દરમિયાન કેટલાક જિલ્લામાં તાપમાન ૮ ડિગ્રી જેટલું નીચું જઈ શકે છે. ૨૯ જાન્યુઆરીથી ઠંડીમાં થશે વધારો થશે. આગામી ૨૪ કલાકમાં સારાષ્ટ્રમાં રાજકોટ. પોરબંદર, ગીર સોમનાથ અને જૂનાગઢ કોલ્ડવેવ ની આગાહી કરવામાં આવી છે

અમદાવાદના પૂર્વના અનેક વિસ્તારમાં હવામાન વિભાગના જણાવ્યા મુજબ વરસાદ વરસ્યો છે. બાપુનગર, વિરાટનગર, ઈસનપુર સહિતના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં સવારથી ધુમ્મસ વાળું વાતાવરણ વચ્ચે આકાશમાં વાદળો જોવા મળી રહ્યા છે. ઈશનપુરના આદિવાસી ભીલ સમાજના સમુહલગ્નોતસવમાં વરસતા વરસાદમાં ભોજનની થાળીઓ સાથે નાસભાગ મચી ગઈ.

અમદાવાદમાં હાલ શિયાળાની ઠંડી વચ્ચે વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. તો સાથે જ પૂર્વ વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે. બાપુનગર, વિરાટનગર, ઈસનપુર, ઓઢવ, અમરાઈવાડી, હીરાવાડી, નિકોલ, મણિનગર, મેઘાણીનગર, વસ્ત્રાલ સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા છે. ભારે પવન સાથે વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે.

## ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ સહીત જિલ્લાના ૩ અધિકારી-કર્મચારીઓને ડીજીપી ડિસ્ક એવોર્ડથી સન્માનિત કરાયા

ભરૂચ,તા.૨૮

ગુજરાત પોલીસમાં પ્રશનીય કામગીરી કરનાર ૧૧૦ પોલીસકર્મીઓ અને અધિકારીઓને બિરદાવતા ગુજરાત રાજયના પોલીસ વડા આશિષ ભાટિયા દ્વારા ડીજીપી ડિસ્ક એવોર્ડથી સન્માનિત કરાયા છે. વડોદરા રેન્જના આઈજીપી સંદીપસિંહ સાથે ભરૂચ જિલ્લાના ૩ પોલીસકર્મીઓને પણ આ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. ભરૂચ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર ઉત્સવ બારોટ, ક્રાઈમ બ્રાન્ચના હેડ રાઈટર પ્રદીપ મોંઘે અને સાઈબર ક્રાઈમના કોન્સ્ટેબલ સોહેલ રાજ ઓવોર્ડ મેળવનાર પોલસીકર્મીઓની યાદીમાં સ્થાન પામ્યા છે.રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગરૂપે ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં કુલ ૧૧૦ પોલીસકર્મીઓ અનેઅધીકારીઓને સન્માનિત કરાયા હતા.પોલીસ અધિકારી અને કર્મચારીઓને રાજ્યના પોલીસ વડા તરફથી ખાસ પોલીસ ચંદ્રક ડીજીપી કમેન્ડેશન ડિસ્ક એનાયત કરવામાં આવે છે. સ્વચ્છ સર્વિસ રેકોર્ડ , સાહસ અને વીરતાનું વિશેષ કામ, નવતર અભિગમ જેવા વિવિધ પાસા ને ધ્યાનમાં લઈને તેમને ચંદ્રક એનાયત કરવામાં આવે છે.

રાજયમાં કોઈ પણ તહેવાર, બંદોબસ્ત, આંદોલનમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા રાજ્યના પોલીસ અધિકારીઓ અને જવાન ખડે પગે ઉભા હોય છે. આ ઉપરાંત કુદરતી આફતોના સમયે પણ રાજયની પોલીસ સાહસપુર્વક પ્રશંસનીય કામગીરી કરે છે. રાજયની પોલીસની આ ઉત્તમ કામગીરીને બિરદાવવા તેમજ પોલીસનું મનોબળ વધારવા માટે રાજયના પોલીસ વડા તરફથી ડીજીપીસ કમેન્ડેશન ડિસ્ક ચંદ્રક આપવાની પહેલ શરૂ કરાઈ છે. ઉમદા કામગીરી, સ્વચ્છ સર્વિસ રેકોર્ડ જેવા પાસાઓ અને કાબેલિયતને ધ્યાનમાં લઈને આ વર્ષે રાજયના કુલ ૧૧૦ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓની આ ચંદ્રકના વિજેતા તરીકે પસંદગી કરાઈ છે.ભરૂચ ક્રાઈમ બ્રાન્ચમાં પીઆઇ તરીકે ફરજ બજાવતા ઉત્સવ બારોટે મધ્ય ગુજરાતમાં ૫ કરોડની ચોરીના ગુનાનો પર્દાફાશ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઉત્સવ બારોટે ન માત્ર આરોપીઓને ઝડપી પડ્યા પણ ચોરી થયેલ કરોડો રૂપિયાના ૧૦૦ ટકા મુદ્દામાલની રિકવરી કરી હતી. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા પ્રદીપ મોંઘેએ સરભાણના રેપ વિથ મર્ડર અને આઈઆઈએફએલમાં ધોળે દિવસે થયેલી લૂંટના પડકારજનક કેસમાં તપાસ દરમ્યાન પ્રસંશનીય કામગીરી બજાવી હતી.ભરૂચ સાઈબર ક્રાઈમમાં ફરજ બજાવતા સોહેલે છેતરપીંડી થકી અનેક લોકોને ચૂનો ચોપડનાર ગેંગને ઝડપી પાડવામાં મહત્વનો રોલ અદા કર્યો હતો. ગેંગ એટીએમ કાર્ડ ક્લોનિંગ કરી ખુબ મોટી સંખ્યામાં લોકોને છેતરપિંડીનો શિકાર બનાવી ચુકી હતી.

## અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા ઉકેલવા પોલીસ કાંકરીયા રોડ પરના દબાણો હટાવશે

અમદાવાદ,તા.૨૮

દિવસેને દિવસે વધતા વિકસતા અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા સૌથી મોટી છે. આમતો સમયાંતરે અવનવા પ્રોજેક્ટ દ્વારા સરકાર અને ટ્રાફિક વિભાગ આ સમસ્યાને હલ કરવાના પ્રયત્નો કરી રહી છે. ત્યારે પ્લાસ્ટિક અને પેપરકપ ઉપર પ્રતિબંધ મુકવાના નિર્ણય બાદ હવે અમદાવાદ શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા દબાણ દૂર કરાશે. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારમાં જાહેર રોડ પરથી શાકમાર્કેટ હટાવાશે. રોડ ઉપરના તમામ શાકમાર્કેટ દૂર કરી શાક વેચનારા લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે.

કાંકરીયા રોડ ઉપર આવેલા મીરા સિનેમા પાસેના દબાણ દૂર કરવા એસ્ટેટ વિભાગના અધિકારીઓને સૂચના આપી છે. બાદમાં સમગ્ર શહેરના તમામ રસ્તાઓ ઉપર શાકમાર્કેટ અને લારીઓ દૂર કરવાની કામગીરી હાથ ધરાશે. સાંજના સમયે ફેરીયાઓ શાકભાજીની લારીઓ જાહેર રસ્તા ઉપર ઉભી રાખતા હોવાથી ટ્રાફિક જામ થાય છે. જેથી અમદાવાદ કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં સભ્યોએ ટ્રાફિકની સમસ્યાની રજૂઆત કરી હતી.અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યાને માઝા મૂકી છે ત્યારે તેનું નિવારણ લઈ આવવું એટલું જ જરૂરી બન્યું છે. અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે અનેક ડ્રાઇવ ચલાવવામાં આવે છે. અમદાવાદ શહેરના મુખ્ય માર્ગો પર આવેલા દબાણોના કારણે પણ અમુક વખત ટ્રાફિક સમસ્યા સર્જાઈ છે. ત્યારે આ સમસ્યાનું નિવારણ લાવવા અમદાવાદ ટ્રાફિક પોલીસે દબાણો હટાવવાનો નિર્ણય લીધો છે. મણિનગરના કાંકરિયા વિસ્તારમાં જાહેર રોડ પરથી શાકમાર્કેટ હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી રસ્તાઓ પહોળા થઇ શકે અને લોકોને ટ્રાફિક જામની સમસ્યા ન રહે. જે પછી શાક વેચનારા લોકો માટે વૈક્લિપક વ્યવસ્થા પણ કરવામાં આવશે.મહત્વનું છે કે, અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે અવારનવાર અનેક પ્રોજેક્ટ હાથ ધરાતા હોય છે. અલગ અલગ વિસ્તારમાંથી દબાણો હટાવાતા હોય છે. જો કે થોડા દિવસ પછી તે સમસ્યા ત્યાંની ત્યાં જ રહે છે. ત્યારે હવે ટ્રાફિકની સમસ્યાનો અંત લાવવા ટ્રાફિક પોલીસે એસ્ટેટ વિભાગના કર્મચારીઓને કડક સૂચના આપી છે.

## ગોધરા કાંડમાં સુપ્રિમનો ફેંસલો જ સુપ્રિમ, આરોપ-પ્રત્યારોપથી હવે કઈં નહિ મળેઃ થરૂરનો સેક્યુલરને જવાબ

નવીદિલ્હી,તા.૨૮

બ્રિટિશ બ્રોડકાસ્ટર બીબીસી ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચનની એક ડોક્યુમેન્ટ્રી પર આ દિવસોમાં દેશમાં ઘણો વિવાદ ચાલી રહ્યો છે. ડોક્યુમેન્ટ્રીમાં ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં તત્કાલિન સીએમ નરેન્દ્ર મોદીની ભૂમિકા પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આ ડોક્યુમેન્ટરીને વાંધાજનક અને પ્રોપેગેન્ડા ગણાવીને કેન્દ્ર સરકારે દેશમાં તેની લિંક શેર કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. જે બાદ દેશની ઘણી યુનિવર્સિટીઓમાં ડાબેરી વિદ્યાર્થી સંગઠનો બીબીસીની આ ડોક્યુમેન્ટરીના સ્ક્રીનિંગને લઈને હંગામો મચાવી રહ્યા છે.આ ડોક્યુમેન્ટરીને લઇને કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે કહ્યું છે, કે તેમણે લોકોને ક્યારેય ગુજરાતના રમખાણો ભૂલીને આગળ વધવાનું કહ્યું નથી.

શશિ થરૂરે અગાઉ તેમના એક નિવેદનમાં કહ્યું હતું કે, હવે આપણે ગુજરાત રમખાણોને પાછળ છોડીને આજના સમયની સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટના નિર્ણયને ટાંકતા તેમણે કહ્યું કે, ×આ ઘટનાને ૨૧ વર્ષ વીતી ગયા છે. સુપ્રીમ કોર્ટે આ મામલે પીએમને ક્લીનચીટ આપી પણ દીધી છે. શશિ થરૂરની સોશિયલ મીડિયા પર ઘણી ટીકા થઈ હતી. જે બાદ શશિ થરૂરે પોતાના નિવેદન પર સ્પષ્ટીકરણ આપ્યું છે.

તિરુવનંતપુરમના કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, ભારતે હવે આ ઘટનાને મુકીને આગળ વધવું જોઈએ. લોકોને લાગે છે કે આ બે દાયકા જૂની બાબતને પાછળ છોડી દેવી જોઈએ. આ મામલે સુપ્રીમ કોર્ટે પણ પોતાનો ચુકાદો આપ્યો છે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે, તેઓ એવા લોકો પર પણ આક્ષેપો નથી કરી રહ્યા કે, જેમને લાગે છે કે ગુજરાત રમખાણોનું સંપૂર્ણ સત્ય હજી બહાર આવ્યું નથી. શશિ થરૂરના આ નિવેદન બાદ યુઝર્સે સોશિયલ મીડિયા પર તેમની ટીકા કરવાનું શરૂ કરી દીધું હતું. શશિ થરૂરે હવે આ અંગે સ્પષ્ટતા કરવી પડી.

શશિ થરૂરે કહ્યું છે કે, લોકો મારા વિચારો સાથે અસંમત હોઈ શકે છે પરંતુ ૪ દાયકાની સાંપ્રદાયિક બાબતો અને બે દાયકાથી ગુજરાતના રમખાણો પીડિતો સાથે ઊભા રહેવાના તેમના રેકોર્ડ પર કોઈ આંગળી ચીંધી શકે નહીં. થરૂરે કહ્યું હતું કે દેશના બિનસાંપ્રદાયિક લોકોને હવે આ મુદ્દા પર દુર્ભાવનાને આશ્રય આપીને કંઈપણ મેળવવાનું નથી.

## યોગી આદિત્યનાથે 'સનાતન'ને ભારતનો રાષ્ટ્રીય ધર્મ કહ્યો, જાતિ ભેદભાવ ખતમ કરીને એક થવાની જરૂર

જયપુર,તા.૨૮

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સનાતન ધર્મને ભારતનો રાષ્ટ્રીય ધર્મ ગણાવ્યો છે. શુક્રવારે યોગી આદિત્યનાથે રાજસ્થાનના ભીનમલમાં નીલગંજ મહાદેવ મંદિરના પુનઃસ્થાપન અને મૂર્તિ પ્રાણ અભિષેક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં પહોંચેલા યોગી આદિત્યનાથે લોકોને સંબોધતા કહ્યું કે, જે રીતે જાતિ, ધર્મ અને ધર્મના ભેદભાવ છોડીને તમારી એકતા જોવા મળી રહી છે, તે દરેક વ્યક્તિએ રોજિંદા જીવનમાં સ્વીકારવું પડશે.આ દરમિયાન તેમણે કહ્યું કે આપણે બધા પોતાના અંગત હિતથી ઉપર ઉઠીને આ રાષ્ટ્રીય ધર્મમાં જોડાઈએ જેથી આપણો દેશ સુરક્ષિત રહે.

વાસ્તવમાં, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શુક્રવારે રાજસ્થાનના ભીનમાલમાં એક મંદિરની જીર્ણોદ્ધાર અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં ભાગ લેવા માટે અહીં પહોંચ્યા હતા. અહીં પહોંચેલા યોગી આદિત્યનાથે સનાતન ધર્મને લઈને નિવેદન આપ્યું છે. યોગીએ પોતાના નિવેદનમાં સનાતન ધર્મને ભારતનો રાષ્ટ્રીય ધર્મ ગણાવ્યો છે.

કાર્યક્રમમાં પહોંચેલા યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશના અયોધ્યામાં બની રહેલા રામ મંદિરને લઈને પણ નિવેદન આપ્યું હતું. યોગીએ કહ્યું કે આજે તમે તેનું પરિણામ જોઈ રહ્યા છો કે ૫૦૦ વર્ષ પછી પીએમ મોદીના પ્રયાસોથી અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. આ દરમિયાન યોગી આદિત્યનાથે ગાય અને બ્રાહ્મણના રક્ષણની વાત પણ કરી હતી.

રાજસ્થાનમાં વર્ષના અંતમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. લોકોનું માનવું છે કે રાજસ્થાન ચૂંટણીમાં આ રાજકીય મુદ્દો બની શકે છે. જો કે, યોગી આદિત્યનાથ વિશે એક વાત સ્પષ્ટ છે કે તેઓ તેમના દૃષ્ટિકોણને સ્પષ્ટ અને જોરદાર રીતે રજૂ કરે છે. આ મામલે કોંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી.

વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં યોગી આદિત્યનાથ ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારક બની શકે છે. ગયા વર્ષે ગુજરાત અને હિમાચલ બે રાજ્યોમાં આદિત્યનાથે ભાજપ માટે જોરશોરથી પ્રચાર કર્યો હતો. એટલા માટે એવી અપેક્ષા છે કે યોગી આદિત્યનાથ આ વર્ષે પણ યોજાનારી ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકોમાં હશે.

## ઝારખંડના ધનબાદની હોસ્પિટલમાં ભીષણ આગ, બે તબીબ સહિત છના મોત

### ઘટનાનું કારણ સુરક્ષામાં બેદરકારી ગણી શકાય. બીજી તરફ, આજુબાજુના લોકો આ અકસ્માતથી ખૂબ જ આઘાત, દુઃખી અને ચિંતિત

ધનબાદ,તા.૨૮

ઝારખંડના ધનબાદમાં એક મોટી દુર્ઘટના બની છે. ધનબાદમાં એક હોસ્પિટલમાં આગ લાગતા છ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. ઝારખંડના ધનબાદની હોસ્પિટલમાં ભીષણ આગ, બે તબીબ સહિત છના મોત શુક્રવારે રાત્રે ઝારખંડના ધનબાદના પુરાણા બજાર સ્થિત હઝરા હોસ્પિટલમાં આગ લાગવાથી બે ડોક્ટરો (પતિ-પત્ની) સહિત છ લોકોના મોત થયા હતા. આ મોટી દુર્ઘટનામાં ડૉક્ટર દંપતી વિકાસ હઝરા અને ડૉ.પ્રેમા હઝરાનું મૃત્યુ થયું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે શોર્ટ સર્કિટના કારણે બીજા માળે આગ લાગી હતી અને ધીમે ધીમે તેણે હોસ્પિટલના પહેલા માળને લપેટમાં લીધું હતું. જેના કારણે હોસ્પિટલના અન્ય ભાગોમાં પણ લોકોને અસર થઈ હતી.

અકસ્માત સમયે મોટાભાગના લોકો ગાઢ નિંદ્રામાં હતા. આગ ઓલવવા માટે બાથરૂમના ટબ અને પાણીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ આગ એટલી ભયાનક હતી અને રૂમની અંદર એટલો ધુમાડો હતો કે જીવ બચાવવો મુશ્કેલ બની ગયો હતો.આ ઘટના પર મુખ્યમંત્રી હેમંત સોરેને ટ્વીટ કર્યું કે, 'ધનબાદની હઝરા મેમોરિયલ હોસ્પિટલમાં મોડી રાત્રે લાગેલી આગને કારણે ડૉક્ટર દંપતી ડૉ. વિકાસ અને ડૉ. પ્રેમા હઝરા સહિત ૬ લોકોના મોતથી હૃદય વ્યથિત છે. ભગવાન દિવંગત આત્માઓને શાંતિ આપે અને શોકગ્રસ્ત પરિવારના સભ્યોને આ દુઃખની ઘડી સહન કરવાની શક્તિ આપે.'

જયારે ફાયર વિભાગને આગની માહિતી મળી, ત્યારે બે ફાયર એન્જિન ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ફાયર બ્રિગેડના કર્મચારીઓએ હોસ્પિટલની બંને બાજુના કુલ ૯ લોકોને બચાવ્યા હતા. આ તમામને નજીકના પાટલીપુત્ર નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવ્યા હતા, જયાં તેમની સારવાર ચાલી રહી છે.

ફાયર વિભાગના કર્મચારીઓના જણાવ્યા અનુસાર હોસ્પિટલમાં આગને રોકવા માટે કોઈ ખાસ સુરક્ષા વ્યવસ્થા નહોતી. અહી એન્ટી ફાયર મશીન પણ એક્ટીવ ન હતું તેથી ઘટનાનું કારણ સુરક્ષામાં બેદરકારી ગણી શકાય. બીજી તરફ, આજુબાજુના લોકો આ અકસ્માતથી ખૂબ જ આઘાત, દુઃખી અને ચિંતિત છે, હોસ્પિટલની બાજુમાં જ ૧૫-૧૬ માળનું એક મોટું એપાર્ટમેન્ટ (એમ્પાયર, હાર્મની) પણ છે. આગ નજીકના બિલ્ડીંગ સુધી પહોંચી શકી હોત, પરંતુ મોટા ટાવરવાળા મકાનોમાં પણ અકસ્માતને અટકાવવા માટે કોઈ ખાસ વ્યવસ્થા નહોતી.ડૉ. પ્રેમા હઝરા અને તેમના પતિ ડૉ. વિકાસ હઝરાનાં મૃત્યુના સમાચાર સાંભળીને હૉસ્પિટલ પહોંચેલા દર્દીઓના કેટલાક સંબંધીઓ પણ હતા. કોલકાતાથી આવેલા પરિવારના એક સદસ્યએ પોતાની વ્યથાને ભાવુક રીતે જણાવતા કહ્યું કે પ્રેમા હજારા ગરીબોના મસીહા હતા, તેઓ દરેકનું ધ્યાન રાખતા હતા, તેમના જવાથી ગરીબ દર્દીઓને ઘણું નુકસાન થયું છે.

## પુણેના મોહસીન શેખ હત્યા કેસના તમામ ૨૦ આરોપી નિર્દોષ જાહેર

મુંબઈ,તા.૨૮

પુણેમાં ૨૦૧૪માં થયેલી મોહસીન શેખ ની હત્યાના કેસમાં હિન્દુ રાષ્ટ્ર સેનાના પ્રમુખ ધનંજય દેસાઈ અને અન્ય ૨૦ જણને નિર્દોષ મુક્ત કરવામાં આવ્યા છે. પુણેના હડપસર વિસ્તારમાં બીજી જૂન ૨૦૧૪ના રોજ આઈટી એન્જિનીયર શેખની હત્યા કરવામાં આવી હતી. હિન્દુ રાષ્ટ્ર સેનાના પ્રમુખ ધનંજય દેસાઈ સહિત આ સંગઠનના ૨૦ જણ પર મોહસીનની હત્યાનો આરોપ હતો. એ વખતેસોશ્યલ મીડિયા પર અજ્ઞાાત વ્યક્તિ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજ વિશે વાંધાજનક પોસ્ટ કરવામાં આવતાં તણાવ ફેલાયો હતો. એ વખતે દેસાઈએ તેના સંગઠનના કાર્યકરો સામે ઉશ્કેરણીજનક ભાષણ આપતાં તેના કાર્યકરોએ મોહસીનની હત્યા કરી હોવાનો આરોપ હતો.મૂળ સોલાપુરનો મોહસીન પુણેની આઈટી કંપનીમાં કામ કરતો હતો. ૨૮ વર્ષનો મોહસીન બીજી જૂને ભાઈ અને અન્ય મિત્રો સાથે નમાઝ પઢવા હડપસરની એક મસ્જિદે ગયો હોતો એ વખતે માથા પર ટોપી પહેરી હતી. તેટલામાં મોટરસાઈકલ પર કેટલાંક જણ આવ્યા અને તેના પર હુમલો કર્યો હતો. મોહસીન પર હુમલો કરનારી વ્યક્તિ હિન્દુ રાષ્ટ્ર સેનાના કાર્યકર્તા હોવાનું સ્પષ્ટ થયું હોવાનું કહેવાતું હતું.

## રાંચીમાં હાર બાદ હાર્દિક પંડ્યા બોલ્યો- ટક્કર વોશિંગ્ટન વિરુદ્ધ ન્યુઝીલેન્ડ હતી

રાંચી,તા.૨૮

રાંચીમાં શુક્રવારે રમાયેલી ટી૨૦ સિરીઝની પ્રથમ મેચમાં ભારતની ૨૧ રનથી હાર થઈ હતી. ભારતીય ટીમે ૧૭૭ રનના લક્ષ્ય સામે ૧૫૫ રન નિર્ધારિત ઓવરમા ૯ વિકેટના નુક્શાન પર નોંધાવ્યા હતા. આમ ન્યુઝીલેન્ડની ટીમે ટી૨૦ સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી છે. રાંચીમાં રમાયેલી પ્રથમ મેચમાં એક તરફ સ્ટાર ખેલાડીઓ બેટિંગ અને બોલિંગમાં નિષ્ફળ નિવડ્યા હતા, તો બીજી તરફ વોશિંગ્ટન સુંદરે પોતાનો કમાલ દેખાડ્યો હતો. પુરી મેચમાં ભારત તરફથી એક માત્ર સુંદર ચમકતો નજર આવી રહ્યો હતો. હાર્દિક પંડ્યાએ મેચ બાદ તેના ભરપૂર વખાણ કર્યા હતા.

વોશિંગ્ટન સુંદરે પહેલા બોલિંગ કરતા એક જ ઓવરમાં બે વિકેટ ઝડપીને ન્યુઝીલેન્ડની છાવણીને ઝટકો આપ્યો હતો. ફિલ્ડીંગમાં પણ તેણે જબરદસ્ત છલાંગ લગાવી કેચ ઝડપી બતાવ્યો હતો. બાદમાં જ્યારે ભારતીય બેટિંગ લાઈન ફ્લોપ થઈ રહેલી લાગી રહી હતી, ત્યારે વોશિંગ્ટન સુંદરે ધમાલ મચાવતી બેટિંગ કરી અડધી સદી નોંધાવી હતી.

ભારત તરફથી લક્ષ્યનો પિછો કરતા સૂર્યકુમાર યાદવ અને વોશિંગ્ટન સુંદરે સૌથી વધારે રન નોંધાવ્યા હતા. સૂર્યકુમાર યાદવે ૪૭ રન નોંધાવ્યા હતા. જ્યારે વોશિંગ્ટન સુંદરે ૫૦ રન નોંધાવ્યા હતા. તેણે અડધી સદી માત્ર ૨૫ બોલમાં જ પુરી કરી લીધી હતી. વોશિંગ્ટ સુંદર અને સૂર્યાએ પોતાના ક્રિઝ પર રહેવા દરમિયાન ભારતીય ઈનીંગને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ભારતીય ટીમને જીત નસીબ થઈ શકી નહોતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.